।શ્રીમદ્-વલ્લભાચાર્ય-મહાપ્રભુ-વિરચિતમ્ ।

# ।। શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્ ।।

। સહસ્રં યૈસ્તુ પઠિતૈઃ પઠિતં સ્યાત્ શુકામૃતમ્ ।

(જે નામોનો પાઠ કરવાથી શ્રીશુકદેવજીના મુખમાંથી ઝરેલ અમૃત-સ્વરૂપ શ્રીમદ્ભાગવતનો પાઠ કર્યો ગણાશે.)

પાઠ-પ્રસ્તુતિ : **ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી** (કિશનગઢ - પાર્લા)

**** સંકલન - પ્રકાશન****

**પરીખ પરિવાર વતી - ન. કે. પરીખ**

એફ-૭૮, ગુજરાતી સોસાયટી, નહેરુ રોડ,
વિલેપાર્લે (પૂર્વ),મુંબઈ-૪૦૦૦૫૭. (INDIA)
ફોનઃ(૯૧)(૨૨)૨૬૧૪૯૧૨૨; (૯૧)(૨૨)૨૬૧૮૩૭૫૩;
(૦૯૮૨૦૨૪૦૫૯૧-અનિલ)
E-mail: navneetparikh@hotmail.com

(**સંપાદન** - શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, (કચ્છ,માંડવી) પ્રકાશિત
શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્-ત્રિવિધનામાવલિ સાર્થ
અને શ્રી રઘુનાથકૃત નામચન્દ્રિકા વ્યાખ્યા આધારિત)

*પ્રથમ આવૃત્તિ -એપ્રિલ - ૨૦૧૦

*પ્રત -૩૦૦૦

*વિતરણ -સી.ડી -નિઃશુલ્ક, વળી વેબ - www.parikhparivar.com -પર જઈને પુસ્તિકા અને સી.ડી.બંને નિઃશુલ્ક ઉતારી શકો છો.

મુદ્રક : વિરાજ પ્રિંટસ, મુંબઈ -૪૦૦૧૦૧, ટે.નં.: ૪૦૧૬૩૪૭૦/૭૧

નોંધઃ૧. સુવિધા ખાતર પુસ્તિકામાં શ્લોકો જે પ્રમાણે પાઠ થાય છે એ પ્રમાણે લખવામાં આવ્યા છે. પુસ્તિકાના અંતે મૂલ પાઠ આપવામાં આવ્યો છે.

૨. જોડાક્ષર દ્ભ = દ્ભ

**નવીન**

**પરીખ પરિવારના સાહિત્ય,
રીંગટોન્સ,
કોલર ટ્યુન્સ,
પ્લે ટ્યુન્સ,વ. માટે**

વેબ - www.parikhparivar.com -પર જુવો.

**સૂચન માટે** E-mail: navneetparikh@hotmail.com

## અનુક્રમણિકા


| ક્રમ | | લીલા | પૃષ્ઠ નં. | સી.ડી. ટ્રેક નં. | સમય |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક | | (ii) | | |
| | **ઋણસ્વીકાર-વંદન** | | (iv) | | |
| ૨. | ગ્રંથ-પ્રવેશ- | | | | |
| | ગુજરાતી અને | | ૧ | | |
| | હિન્દી | | ૨ | ૧ | ૪.૩૫ |
| ૩. | પ્રારંભિક અને | | ૩ | | |
| | પ્રથમસ્કન્ધનામાનિ | અધિકારલીલા | ૫ | ૨ | ૫.૩૫ |
| ૪. | દ્વિતીયસ્કન્ધનામાનિ | જ્ઞાન-(સાધન)-લીલા | ૧૦ | ૩ | ૧.૦૮ |
| ૫. | તૃતીયસ્કન્ધનામાનિ | સર્ગલીલા | ૧૧ | ૪ | ૪.૦૪ |
| ૬. | ચતુર્થસ્કન્ધનામાનિ | વિસર્ગલીલા | ૧૭ | ૫ | ૩.૪૨ |
| ૭. | પંચમસ્કન્ધનામાનિ | સ્થાનલીલા | ૨૧ | ૬ | ૪.૦૯ |
| ૮. | ષષ્ઠસ્કન્ધનામાનિ | પોષણ-(પુષ્ટિ)-લીલા | ૨૭ | ૭ | ૨.૫૦ |
| ૯. | સપ્તમસ્કન્ધનામાનિ | ઊતિલીલા | ૩૦ | ૮ | ૨.૩૫ |
| ૧૦. | અષ્ટમસ્કન્ધનામાનિ | મન્વન્તરલીલા | ૩૪ | ૯ | ૪.૦૦ |
| ૧૧. | નવમસ્કન્ધનામાનિ | ઈશાનુકથાલીલા | ૪૦ | ૧૦ | ૪.૦૪ |
| ૧૨. | દશમસ્કન્ધપૂર્વાર્ધનામાનિ | નિરોધલીલા | ૪૫ | ૧૧ | ૯.૩૧ |
| ૧૩. | દશમસ્કન્ધોત્તરાર્ધનામાનિ | નિરોધલીલા | ૫૯ | ૧૨ | ૬.૩૦ |
| ૧૪. | એકાદશસ્કન્ધનામાનિ | મુક્તિલીલા | ૬૮ | ૧૩ | ૧.૩૬ |
| ૧૫. | દ્વાદશસ્કન્ધનામાનિ | આશ્રયલીલા | ૭૦ | | |
| | અને માહાત્મ્ય | | ૭૨ | ૧૪ | ૪.૧૨ |
| ૧૬. | મૂલ-પાઠ | | ૭૫-૧૦૮ | | |




। શ્રીમદ્-વલ્લભાચાર્ય-મહાપ્રભુ-વિરચિતમ્ ।

# ॥ શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્ ॥

। સહસ્રં યૈસ્તુ પઠિતૈઃ પઠિતં સ્યાત્ શુકામૃતમ્ ।

(જે નામોનો પાઠ કરવાથી શ્રીશુકદેવજીના મુખમાંથી ઝરેલ અમૃત-સ્વરૂપ શ્રીમદ્ભાગવતનો પાઠ કર્યો ગણાશે.)

## પાઠ-પ્રસ્તુતિ : ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ - પાર્લા)

દાયકાઓથી પરીખ પરિવારનો મનોરથ હતો કે પુરુષોત્તમનામસહસ્રમ્‌ની સીડી પુસ્તિકા સાથે બહાર પાડવી. કાંઈક પ્રયત્નો કર્યા પણ મનોરથપૂર્તિ થતી ન હતી. એકદા ગોસ્વામી શ્યામમનોહરજીને વિનતી કરી કે અમારે પુરુષોત્તમનામસહસ્રના પારાયણની સીડી વહેંચવી છે, આપ જો પારાયણ કરી આપો તો. એમણે સહર્ષ સંમતિ આપી અને અમને ધન્ય બનાવ્યા. રેકોર્ડીંગ માટે ચાર-ચાર દિવસ સ્ટુડિઓમાં પધાર્યા . વળી સ્ટુડિઓનું સ્થાન પણ સુવિધાભર્યું નહિ. એક દિવસ એક આકસ્મિક ગંભીર પ્રસંગે અમારે એમને એકલા મૂકી નીકળી જવું પડ્યું, તો પણ એ જ કૃપાપૂર્ણ પ્રસન્ન મુદ્રા. અમારી મનોરથપૂર્તિ માટે એમણે ઘણું કષ્ટ વેઠ્યું - અમારાં એમને કોટી કોટી વંદન!

પુરુષોત્તમનામસહસ્ર વિષે એક વાક્યમાં કહેવું હોય તો - દરેક શબ્દ, નામ.... નો અર્થ શ્રીકૃષ્ણ છે. હવે જરાક વિસ્તારથી સમજીએ.

સ્તોત્ર, સ્તવન, માલા આદિ સ્તુત્યાત્મક રચના-પ્રકારોમાં સહસ્રનામ એ વિશિષ્ટ શક્તિશાળી પ્રભાવક સ્તુતિ-પ્રકાર મનાયો છે. આ ચિન્તામણિ સમાન દિવ્ય નામોમાં પરાયણ (ઉત્કૃષ્ટ-ઉત્તમ ગતિ કરવાવાળા) થવાથી સંપૂર્ણ શ્રીમદ્ભાગવતના પઠનનું ફળ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક નામ ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય, અનુપમ અને અલૌકિક લીલાનું દર્શન તો કરાવે જ છે, સાથો સાથ તેમની શાશ્વતકાલીન પરમ વિભૂતિનો સાક્ષાત્કાર પણ કરાવી જાય છે. વેદોના સારરૂપ શ્રીમદ્ભાગવત-રૂપી મહાસાગરમાંથી સ્વયં મહાપ્રભુજીએ જેને આપણી સમક્ષ લાવી મૂક્યાં હોય એવાં હજાર પ્રભુ-નામોનો ચમત્કારિક સંચય આધિકારિક (પ્રમાણિત) નામ-પાઠ (સી.ડી.) અને મૂલગામી અનુવાદ સાથે આપની સમક્ષ પ્રસ્તુત કરતાં પરીખ પરિવાર કૃતકૃત્યતાની લાગણી અનુભવે છે.

સમગ્ર સંસ્કૃત સાહિત્ય પરંપરા તેમ જ પુષ્ટિ-ધર્મ-દર્શન-સાગર અને પ્રાચીન-અર્વાચીન ધાર્મિક-દાર્શનિક ચિન્તનધારામાં અપ્રતિહત ગતિ ધરાવનારા, ધર્મ અને દર્શનને પોતાના આચાર દ્વારા પ્રબોધિત કરનારા અને સંસ્કૃતિના સંરક્ષણ-સંવર્ધન માટે સંપૂર્ણ જીવન સમર્પિત કરનારા સ્વનામધન્ય પરમ વંદનીય **ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી**એ અનુગ્રહ સ્વરૂપે આ પુરુષોત્તમનામસહસ્રના પાઠમાં પોતાનો કંઠ અને આગવી સંગીત-પ્રસ્તુતિ આપ્યા છે. તે બદલ આપણે સૌ તેમના ઋણી છીએ. શ્રીમદ્ભાગવતમાંથી ઉદ્ધૃત નામરત્નોની નાદરૂપે પ્રસ્તુતિ તો તેમના જેવા પરમ ભગવત્પરાયણ અને ધર્મ-નિષ્ઠ અધિકારી ગોસ્વામીના મુખે જ સાંભળીને તેમાં તલ્લીન થઈએ તો તેનો સાચો પ્રભાવ અનુભવાય.

પારાયણ શબ્દનું ગૌરવ સમજીએ. પરાયણ થવું એટલે ઓતપ્રોત થવું, લીન થવું, પરમ કે અંતિમ ધ્યેય કે આશ્રયસ્થાન પ્રતિ ગતિ કરવી. પરાયણનો ભાવ કે કર્મ તે પારાયણ. આવું પારાયણ તો ગોલોકમાંથી ભૂલા પડેલા જીવો - વૈષ્ણવો - જ કરી શકે ને!

તો આવો, આપણે પ્રભુની અલૌકિક લીલાના દર્શન કરાવતા આ નામોનો અર્થ સમજી, એમનું ભક્તિભાવપૂર્વક પારાયણ-ગાન કરીએ અને શ્રીવલ્લભના પરમ કૃપાપાત્ર બનીએ.

ચૈત્ર વદ ૧૧ : સંવત ૨૦૬૬<br>
૧૦-૦૪-૨૦૧૦<br>
શ્રી મહાપ્રભુજી પ્રાકટ્ય દિન

ન. કે. પરીખ :<br>
પરીખ પરિવારનાં<br>
જય શ્રીકૃષ્ણ

તા.ક.: પુસ્તિકા અને સી.ડી.ને નિઃશુલ્ક ઉતારી શકો છો - વેબ પર જઈને -
www.parikhparivar.com



## **ઋણસ્વીકાર-વંદન**

જેમણે કોટી કોટી વૈષ્ણવોને ઉપકૃત કર્યા -

** ગોસ્વામી શ્રીગોપીનાથ પ્રભુચરણ - ગ્રંથરચના માટે નિમિત્ત બની...

** ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા)- પાઠ-પ્રસ્તુતિ કરી, શુકામૃતરસની લહાણી કરી...

** ગોસ્વામી શ્રીશરદજી (કચ્છ-માંડવી) - પલકમાત્રમાં પુરુષોત્તમનામસહસ્રમ્-સાર્થનું પુસ્તક કોમ્પ્યૂટર પર ઉપલબ્ધ કરાવી...

** ગિરિશ જાની, ઉદય ચિત્રે, અમિત ખોલે, ધર્મેશ જોશી - સી.ડી. રેકોર્ડીંગ માટે પરિશ્રમ કરી...

** ગોસ્વામી શ્રી યોગેશ- પાર્લા, મુંબઈ; ગિરિશ જાની, મુંબઈ; શશિકાંત મ. લીમડી, મુંબઈ; નીલમબેન દીવાન, મુંબઈ; વૈકુંઠલાલ ભગત, ભરૂચ; ડૉ. પીયૂષ પરીખ, ભરૂચ - હસ્તપ્રતને વિગતે જોઈ, આવશ્યક સુધારા-વધારા કરી પ્રકાશન યોગ્ય બનાવી...

** વિરાજ પ્રિંટસ્, મુંબઈ - સૌરીન, વિરલ, રેખા - આકર્ષક પ્રિંટીંગ અને પૅક બનાવી...

** સંતોષ તામોરે, મુંબઈ; ઘનશ્યામ જોગળેકર, મુંબઈ - કટોકટીની વેળાએ વહારે ધાઈ D.T.P. કરી આપી ...

** વૈષ્ણવ જનો - જરૂરી સહાય કરી તેમ જ અમારી પ્રવૃત્તિને બિરદાવી...

એ સર્વેને અમારાં વંદન.

## ગ્રંથ-પ્રવેશ
## ।। શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્ ।।

શ્રીપુરુષોત્તમસહસ્રનામ ગ્રન્થની રચનાનો ઈતિહાસ કે નિમિત્ત કંઈક વિલક્ષણ છે. કહેવાય છે કે મહાપ્રભુના જ્યેષ્ઠ પુત્ર ગોસ્વામી શ્રીગોપીનાથચરણનો એ નિયમ હતો કે તેઓ સમગ્ર શ્રીમદ્ભાગવતનું પારાયણ પૂર્ણ થયા પછી જ પ્રસાદ લેતા હતા. આ કઠોર નિયમને લીધે ફક્ત દરરોજના વ્યવહારમાં જ નહિ પરંતુ ભગવત્સેવામાં પણ કાંઈક ને કાંઈક અસુવિધા થતી હતી. ફળરૂપ શ્રીમહાપ્રભુએ ભગવાનના નામાત્મક સ્વરૂપ શ્રીમદ્ભાગવતના ગહન સમુદ્રમાંથી ચિંતામણિ રત્ન જેવાં એક સહસ્રનામોનું સમુદ્ધરણ કર્યું અને પોતાના જ્યેષ્ઠ પુત્રને પ્રદાન કર્યું.

આ ભગવાનના નામોનું ચિંતન અને પાઠ કરવાથી શ્રીભાગવતમાં વર્ણવેલી બધી લીલાઓનું ચિંતન અને પઠન પ્રાપ્ત થઈ જાય છે. શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે જે કોઈ પણ વ્યક્તિ શ્રદ્ધાપૂર્વક ચિત્તને એકાગ્ર કરીને આ નામોના અર્થનું અનુસન્ધાન કરતાં કરતાં આ ભગવન્નામોનો પાઠ કરશે તો તેને ભગવાન શ્રીગોવિંદના ચરણોની પ્રાપ્તિ થશે જ. શ્રીકૃષ્ણમાં ભક્તિ વધારવા માટે પણ આ નામોનું ચિંતન-પઠન ઉપયોગી સિદ્ધ થાય છે. 'શ્રીપુરુષોત્તમસહસ્રનામ' ગ્રન્થનો પાઠ શ્રીમદ્ભાગવતના પાઠની જેમ જ સમજવો જોઈએ. **''સહસ્રં યૈસ્તુ પઠિતં પઠિતં સ્યાત્ શુકામૃતમ્''.**

શ્રી મહાપ્રભુએ ભાગવતના ગૂઢ તાત્પર્યને પ્રગટ કરવા ભાગવતાર્થ નિબંધ, સુબોધિની વગેરે અનેક ગ્રંથો લખ્યા. પણ શ્રીપુરુષોત્તમસહસ્રનામના પાઠ વિના દરેક અધ્યાયનું, દરેક પ્રકરણનું, દરેક લીલાનો અર્થ, દરેક લીલાનો કર્તા શ્રીકૃષ્ણ છે એ સમજવું બહુ અઘરૂં બની જાય છે. તેથી પુરુષોત્તમસહસ્રનામના પાઠનું પઠન સૌ વૈષ્ણવો કરે એવી આશા સાથે...

**નોંધ:** ૧. સુવિધા ખાતર પુસ્તિકામાં શ્લોકો જે પ્રમાણે પાઠ થાય છે એ પ્રમાણે લખવામાં આવ્યા છે. પુસ્તિકાના અંતે મૂલ પાઠ આપવામાં આવ્યો છે.
૨. જોડાક્ષર દ્ભ = દ્ભ



## ग्रन्थ-प्रवेश
## ।। श्रीपुरुषोत्तमनामसहस्रस्त्रोत्रम् ।।

कहा जाता है कि श्रीपुरुषोत्तमनामसहस्रम् ग्रन्थ की रचना श्रीमहाप्रभुने अपने ज्येष्ठात्मज गोस्वामी श्रीगोपीनाथ प्रभुचरण के लिए की थी। श्रीगोपीनाथ प्रभुचरण का यह नियम था कि वे समग्र श्रीमद्भागवत का पारायण पूर्ण होनेपर ही प्रसाद ग्रहण करते थे। इस कठोर नियम के कारण न केवल दैनंदिन व्यवहार में ही अपितु भगवत्सेवा में भी कुछ न कुछ असुविधा बनी ही रहती थी। फलत: श्रीमहाप्रभुने भगवान के नामात्मक स्वरूप श्रीमद्भागवत के गहन समुद्र में से चिन्तामणि रत्न जैसे एक सहस्र नामों का समुद्धरण किया और अपने ज्येष्ठात्मज को प्रदान किया।

इन भगवन्नामों के चिन्तन-पठन से श्रीमद्भागवत में वर्णित सभी लीलाओं का चिन्तन-पठन सम्पन्न हो जाता है। श्रीमहाप्रभु आज्ञा करते हैं कि जो भी व्यक्ति श्रद्धापूर्वक चित्त को एकाग्र बना कर इन नामों के अर्थों का अनुसन्धान करते हुए इन भगवन्नामों का पाठ करेगा उसे भगवान् श्रीगोविन्द के चरणों की प्राप्ति होगी ही। श्रीकृष्णमें भक्ति को बढ़ाने के लिए भी इन नामों का चिन्तन-पठन उपयोगी सिद्ध होता है। इस श्रीपुरुषोत्तमनामसहस्रम् ग्रन्थ का पाठ श्रीमद् भागवत के पाठ के समान ही समझा जाना चाहिये। ''सहस्रं यैस्तु पठितै: पठितं स्यात् शुकामृतम्।''

श्री महाप्रभुने भागवत को समझाने के लिये भागवतार्थ निबंध, सुबोधिनी आदि ग्रंथ प्रकट किये। फिर भी पुरुषोत्तमसहस्रनाम के बिना भागवत के शास्त्रार्थ, स्कन्धार्थ, प्रकरणार्थ, अध्यायार्थ, वाक्यार्थ, पदार्थ या अक्षरार्थ सभी का अर्थ एकमात्र श्रीकृष्ण ही है वो समझ पाना बहुत दुष्कर है। इसलिये पुरुषोत्तमसहस्रनाम के पाठ का यह प्रकाशन वैष्णवों को श्रीमद्भागवत के गूढ रहस्य को हृदयंगम करने में सहायक होगा ऐसी आशा के साथ...।

# ।। શ્રીપુરુષોત્તમનામસહસ્રં સ્તોત્રમ્ ।।

**પુરાણપુરુષો વિષ્ણુઃ પુરુષોત્તમ ઉચ્યતે ।**
**નામ્નાં સહસ્રં વક્ષ્યામિ તસ્ય ભાગવતોદ્ધૃતમ્ ।।૧।।**

શ્રીપુરાણપુરુષ ભગવાન વિષ્ણુ જે 'શ્રીપુરુષોત્તમ' તરીકે કહેવાય છે તે શ્રીપુરુષોત્તમનાં શ્રીમદ્ભાગવતમાંથી ઉદ્ધૃત કરેલાં એક હજાર નામ કહીશ. ।।૧।।

**યસ્ય પ્રસાદાદ્વાગીશાઃ પ્રજેશા વિભવોન્નતાઃ ।**
**ક્ષુદ્રા અપિ ભવન્ત્યાશુ શ્રીકૃષ્ણં તં નતોઽસ્મ્યહમ્ ।।૨।।**

જે પ્રભુની કૃપાથી તુચ્છ જીવો પણ સત્વરે (બૃહસ્પતિ જેવા) વાણીપતિ (મહાન વિદ્વાન), (પ્રજાપતિ બ્રહ્માજી કે પ્રજાનાથ રાજા જેવા) પ્રજાસ્વામી (મહાન શાસક) અને ઐશ્વર્યથી સમૃદ્ધ (મહાન સંપત્તિ-વૈભવશાળી) બને છે તે ભગવાન શ્રીકૃષ્ણને હું નમું છું. ।।૨।।

**અનન્તા એવ કૃષ્ણસ્ય લીલા નામપ્રવર્તિકાઃ ।**
**ઉક્તા ભાગવતે ગૂઢાઃ પ્રકટા અપિ કુત્રચિત્ ।।૩।।**

(અનન્ત) નામોને પ્રવર્તાવનારી શ્રીકૃષ્ણની અનન્ત (અપાર) લીલાઓ શ્રીમદ્ભાગવતમાં ગૂઢ રૂપે અને કોઈક સ્થળે પ્રકટપણે કહેલી છે. ।।૩।।

**અતસ્તાનિ પ્રવક્ષ્યામિ નામાનિ મુરવૈરિણઃ ।**
**સહસ્રં યૈસ્તુ પઠિતૈઃ પઠિતં સ્યાત્ શુકામૃતમ્ ।।૪।।**

તેથી હું મુરારિ શ્રીકૃષ્ણનાં તે હજાર નામ સ્પષ્ટ રીતે કહીશ, જે નામોનો પાઠ કરવાથી શ્રીશુકદેવજીના (મુખમાંથી ઝરેલ) અમૃત-સ્વરૂપ શ્રીમદ્ભાગવતનો પાઠ કર્યો થશે (ગણાશે).(અહીં શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ નિર્દેશ કરે છે કે આ શ્રીપુરુષોત્તમનામસહસ્રનો પાઠ એ શ્રીમદ્ભાગવતના પાઠ તુલ્ય છે.) ।।૪।।



(હવે સ્તોત્રના ઋષિ, છંદ,દેવતા, વિનિયોગ, બીજ, શક્તિ, મંત્ર, કીલક,અસ્ત્ર, કવચ, ધ્યાન અને સિદ્ધિનું નિરૂપણ કરવામાં આવે છે.)

**કૃષ્ણનામ-સહસ્રસ્ય ઋષિર્ અગ્નિઃ નિરૂપિતઃ ।**
**ગાયત્રી ચ તથા છન્દો દેવતા પુરુષોત્તમઃ ।।૫।।**

આ શ્રીકૃષ્ણનામસહસ્રસ્તોત્રના એટલે કે શ્રીપુરુષોત્તમનામસહસ્રસ્તોત્રના ઋષિ ભગવાન અગ્નિ (અર્થાત્ સ્વયં મહાપ્રભુજી) નિરૂપિત (કરવામાં આવ્યા) છે, આ નામસહસ્રનો છંદ ગાયત્રી છે અને એના દેવતા પુરુષોત્તમ છે. ।।૫।।

**વિનિયોગઃ સમસ્તેષુ પુરુષાર્થેષુ વૈ મતઃ ।**
**બીજં ભક્તપ્રિયઃ શક્તિઃ સત્યવાગ્ ઉચ્યતે હરિઃ ।।૬।।**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સઘળા પુરુષાર્થોના સંપાદનમાં આ સ્તોત્રનો વિનિયોગ મનાયો છે. (અનન્ય પ્રીતિથી નિષ્કામ સેવા = ધર્મ. ભગવત્સેવા નિમિત્તે જ વસ્તુ સમુદાયનો સંચય = અર્થ. પ્રભુને માટે જ પદાર્થની કામના = કામ. સુખ-દુઃખાદિ દ્વન્દ્વથી પર બની ભગવલ્લીલાનો રસ અનુભવવો = મોક્ષ.) આ સ્તોત્રનું બીજ ભક્તપ્રિય ભગવાન છે અને શક્તિ સત્યવચન હરિ છે. ।।૬।।

**ભક્તોદ્ધરણયત્નસ્તુ મન્ત્રોઽત્ર પરમો મતઃ ।**
**અવતારિતભક્તાંશઃ કીલકં પરિકીર્તિતમ્ ।।૭।।**

આ સ્તોત્રનો પરમ મંત્ર ભક્તોદ્ધરણયત્ન (ભક્તોના ઉદ્ધાર માટે યત્ન કરનાર પ્રભુ) મનાયેલ છે અને આ સ્તોત્રનું કીલક અવતારિતભક્તાંશ (ભક્તોને માટે પોતાના અંશાવતાર પ્રકટ કરનાર પ્રભુ) પરિકીર્તિત છે. ।।૭।।

**અસ્ત્રં સર્વસમર્થશ્ચ ગોવિન્દઃ કવચં મતમ્ ।**
**પુરુષો ધ્યાનમન્ત્રોક્તઃ સિદ્ધિઃ શરણસંસ્મૃતિઃ ।।૮।।**

આ સ્તોત્રનું અસ્ત્ર સર્વસમર્થ પ્રભુ છે અને આનું કવચ ભગવાન ગોવિન્દ મનાયેલ છે. આ સ્તોત્રના ધ્યાન (ધ્યાનના લક્ષ્યરૂપે) પુરુષ (પુરુષોત્તમ પ્રભુ) કહેવાયા છે અને આ સ્તોત્રની સિદ્ધિ(નિરંતર ''હું પ્રભુના ચરણનો દાસ છું'' એવી) શરણસંસ્મૃતિ (શરણભાવનાની સ્મૃતિ રહેવી તે) છે. ।।૮।।.

# પ્રથમસ્કન્ધનામાનિ

## અધિકારલીલા

**શ્રીકૃષ્ણઃ સચ્ચિદાનન્દો નિત્યલીલા-વિનોદકૃત્ ।**
**સર્વાગમ-વિનોદી ચ લક્ષ્મીશઃ પુરુષોત્તમઃ ।।૯।।**

[૧]શ્રીકૃષ્ણ, [૨]સત્-ચિત્-આનંદસ્વરૂપ, [૩]નિરંતર લીલાવિનોદને પ્રકટ કરનાર, હંમેશાં લીલાઓના આનંદને પ્રકટ કરનાર, [૪]સર્વે વેદોથી વિનોદ કરનાર, સર્વ વેદો એ જ એમનો વિનોદ છે, સર્વ વેદોથી કાલને પ્રેરનાર, [૫]વિભૂતિરૂપ લક્ષ્મીજીના સ્વામી, [૬]અક્ષરબ્રહ્મથી ઉત્તમ શ્રીપુરુષોત્તમ, સઘળા પુરુષોમાં (બ્રહ્મા વગેરે મહાન પુરુષોમાં) સૌના આરાધ્ય હોવાના કારણે ઉત્તમ એવા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ. ।।૯।।

**આદિકાલઃ સર્વકાલઃ કાલાત્મા માયયાવૃતઃ ।**
**ભક્તોદ્ધાર-પ્રયત્નાત્મા જગત્કર્તા જગન્મયઃ ।।૧૦।।**

[૭]સર્વથી પહેલા – કાલપુરુષ, [૮]સર્વને પ્રેરનાર કાલ, [૯]કાલસ્વરૂપ, [૧૦]માયાથી વીંટળાયેલા, [૧૧]ભક્તોના ત્રિવિધ દુઃખને દૂર કરવાના પ્રયત્નમાં મનવાળા, [૧૨]સ્થાવર-જંગમરૂપ જગતના કર્તા (રચનાર), [૧૩]જગત્સ્વરૂપ. ।।૧૦।।



**નામ-લીલા-પરો વિષ્ણુર્વ્યાસાત્મા શુકમોક્ષદઃ ।**
**વ્યાપિ-વૈકુણ્ઠ-દાતા ચ શ્રીમદ્ભાગવતાગમઃ ।।૧૧।।**

[૧૪]શ્રેષ્ઠ નામ અને લીલાઓવાળા, [૧૫]વિષ્ણુ – સર્વત્ર વ્યાપક, [૧૬]વ્યાસજીના સ્વરૂપે અવતરેલા, [૧૭]શુકદેવજીને માયાના સ્પર્શમાંથી મુક્તિ આપનાર, [૧૮]સર્વત્ર વ્યાપક જ્ઞાનપૂર્ણ એવા વૈકુંઠને આપનાર, [૧૯]શ્રીમદ્ભાગવત શાસ્ત્રના ઉત્પાદક. ।।૧૧।।

**શુકવાગમૃતાબ્ધીન્દુઃ શૌનકાદ્યખિલેષ્ટદઃ ।**
**ભક્તિ-પ્રવર્તકસ્ત્રાતા વ્યાસ-ચિન્તા-વિનાશકઃ ।।૧૨।।**

[૨૦]શુકદેવજીના વાણીરૂપી અમૃત-સાગરના ઉત્તમ-રત્નભૂત આહ્લાદક ચંદ્રમા, [૨૧]શૌનક વગેરેને સર્વપ્રિય ભક્તિ આપનાર, [૨૨]ભક્તિને પ્રવર્તાવનાર, [૨૩]સર્વ દુઃખમાંથી રક્ષણ કરનાર, [૨૪]વ્યાસજીની ચિંતાને સર્વથા દૂર કરનાર. ।।૧૨।।

**સર્વસિદ્ધાન્ત-વાગાત્મા નારદાદ્યખિલેષ્ટદઃ ।**
**અન્તરાત્મા ધ્યાનગમ્યો ભક્તિ-રત્ન-પ્રદાયકઃ ।।૧૩।।**

[૨૫]સર્વ પ્રકારની વાણીમાં સિદ્ધાંતસ્વરૂપ સમાધિભાષા(વાણી)રૂપ (આપનું સ્વરૂપ છે), [૨૬]નારદજી વગેરેને સર્વથી પ્રિય ભક્તિ આપનાર, [૨૭]અંતઃકરણસ્વરૂપ એવા પ્રભુ, [૨૮]ધ્યાન કરવાથી જાણી શકાતા, [૨૯]ભક્તિમાં સાધનભૂત શ્રીમદ્ભાગવતરૂપી રત્નને આપનાર. ।।૧૩।।

**મુક્તોપસૃપ્યઃ પૂર્ણાત્મા મુક્તાનાં રતિવર્ધનઃ ।**
**ભક્ત-કાર્યૈક-નિરતો દ્રૌણ્યસ્ત્ર-વિનિવારકઃ ।।૧૪।।**

[૩૦]મુક્તાત્માઓ-ભક્તો જેની સંનિધિમાં જવાને યોગ્ય છે એવા, મુક્તજનોને માટે શરણરૂપ, [૩૧]સર્વગુણ-પરિપૂર્ણ આત્મસ્વરૂપ, [૩૨]મુક્ત ભક્તોની રતિ (સ્નેહ) અર્થાત્ અલૌકિક ભક્તિ વધારનાર, [૩૩]ભક્તોનાં કાર્ય કરવામાં જ તત્પર રહેનાર, [૩૪]દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રને સર્વથા પાછું વાળનાર શ્રીકૃષ્ણ. ।।૧૪।।

**ભકત-સ્મય-પ્રણેતા ચ ભક્તવાક્-પરિપાલકઃ ।**
**બ્રહ્મણ્ય-દેવો ધર્માત્મા ભક્તાનાં ચ પરીક્ષકઃ ।।૧૫।।**

[૩૫]ભકતોના વિસ્મય કે ગર્વને દૂર કરનાર, [૩૬]ભકતની (દ્રૌપદી વગેરેની) વાણીનું પાલન કરનાર, [૩૭]બ્રહ્મમાં તલ્લીન પુરુષો (વ્રજભકત વગેરે)માં સ્વચ્છંદ ક્રીડા કરનાર, [૩૮]ધર્મસ્વરૂપ, ધર્મને માટે અવતરનાર, ધર્મ(યુધિષ્ઠિર)ના પ્રાણરૂપ, [૩૯]ભકતોની પરીક્ષા કરનાર. ।।૧૫।।

**આસન્ન-હિત-કર્તા ચ માયા-હિત-કરઃ પ્રભુઃ ।**
**ઉત્તરા-પ્રાણદાતા ચ બ્રહ્માસ્ત્ર-વિનિવારકઃ ।।૧૬।।**

[૪૦]જલદીથી ભકતોના હિતને સાધનાર, [૪૧]પોતાની માયાશક્તિથી સર્વને અભયદાન આપવારૂપ હિત કરનાર, [૪૨]સર્વસમર્થ, [૪૩]ઉત્તરાને ગર્ભના રક્ષણ સાથે પ્રાણનું દાન કરનાર, [૪૪]બ્રહ્માસ્ત્રનું વિશેષ રૂપે નિવારણ કરનાર. ।।૧૬।।

**સર્વતઃ પાણ્ડવપતિઃ પરીક્ષિચ્છુદ્ધિ-કારણમ્ ।**
**ગૂઢાત્મા સર્વવેદેષુ ભક્તૈક-હૃદયંગમઃ ।।૧૭।।**

[૪૫]બધી બાજુથી પાંડવોને બચાવનાર, [૪૬]પરીક્ષિત રાજાની શુદ્ધિમાં હેતુભૂત, [૪૭]સર્વ વેદોમાં ગૂઢ સ્વરૂપે બિરાજતા, [૪૮]ભકતોનાં જ હૃદયમાં વાસ કરનાર. ।।૧૭।।

**કુન્તી-સ્તુત્યઃ પ્રસન્નાત્મા પરમાદ્ભુત-કાર્ય-કૃત્ ।**
**ભીષ્મ-મુક્તિ-પ્રદઃ સ્વામી ભક્ત-મોહ-નિવારકઃ ।।૧૮।।**

[૪૯]કુંતી માતા વડે સ્તુતિ કરવાને યોગ્ય, [૫૦]પ્રસન્ન અંતઃકરણવાળા, [૫૧]પરમ અદ્ભુત કાર્યો કરનારા, [૫૨]ભીષ્મ પિતામહને મુક્તિ આપનારા, [૫૩] સ્વામી, સૌના અધિપતિ, [૫૪]ભકતોના મોહને દૂર કરનારા. ।।૧૮।।



**સર્વાવસ્થાસુ સંસેવ્યઃ સમઃ સુખ-હિત-પ્રદઃ ।**
**કૃતકૃત્યઃ સર્વસાક્ષી ભકત-સ્ત્રી-રતિ-વર્ધનઃ ।।૧૯।।**

[૫૫]દરેક અવસ્થામાં સારી રીતે (કપટરહિતપણે) સેવા કરવાને યોગ્ય, [૫૬]સર્વકાલમાં સમાન – નિર્વિકાર, [૫૭]સુખ અને કલ્યાણને આપનારા, [૫૮]પ્રત્યેક કરવા યોગ્ય કાર્યને કરી ચૂકેલા (પૂર્ણકામ), [૫૯]સર્વના સાક્ષી, [૬૦]ભક્તોમાં અને સ્ત્રીઓમાં પોતાના તરફના ભક્તિ-પ્રેમને વધારનારા. ।।૧૯।।

**સર્વ-સૌભાગ્ય-નિલયઃ પરમાશ્ચર્યરૂપધૃક્ ।**
**અનન્ય-પુરુષ-સ્વામી દ્વારકા-ભાગ્ય-ભાજનમ્ ।।૨૦।।**

[૬૧]સર્વ જાતના સૌભાગ્યના ભંડાર, [૬૨]અત્યંત આશ્ચર્ય પમાડે એવા સ્વરૂપને ધારણ કરનારા, [૬૩]જેનું બીજું કોઈ નથી એવા જનોના, પ્રાણિમાત્રના નાથ, [૬૪]દ્વારકા નગરીના સદ્ભાગ્યના હેતુ. ।।૨૦।।

**બીજ-સંસ્કાર-કર્તા ચ પરીક્ષિજ્જ્ઞાન-પોષકઃ ।**
**સર્વત્ર-પૂર્ણ-ગુણકઃ સર્વ-ભૂષણ-ભૂષિતઃ ।।૨૧।।**

[૬૫]બીજના સંસ્કાર કરનાર, (પરીક્ષિત રાજાના કર્મથી મળેલા દેહની નિવૃત્તિ કરી) ભાગવત શાસ્ત્રને શ્રવણ કરવાના બીજરૂપ પરીક્ષિત રાજાના દેહનો સંસ્કાર કરનાર, ભગવદ્-ભજન યોગ્ય એવી દેહ સંપત્તિને પ્રાપ્ત કરાવનાર, [૬૬]પરીક્ષિત રાજાને માતાના ઉદરમાં મળેલ જ્ઞાનના પોષનાર, [૬૭]સર્વત્ર ઐશ્વર્ય,વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય એવાં  છ ગુણોથી સંપૂર્ણ, [૬૮]મુકુટ આદિ સઘળા અલંકારોથી શોભતા. ।।૨૧।।

**સર્વ-લક્ષણ-દાતા ચ ધૃતરાષ્ટ્ર-વિમુક્તિદઃ ।**
**સન્માર્ગરક્ષકો નિત્યં વિદુર-પ્રીતિ-પૂરકઃ ।।૨૨।।**

[૬૯]સર્વ શુભ લક્ષણોનું (પરીક્ષિતને) દાન કરનારા, [૭૦]ધૃતરાષ્ટ્રને (વિદુર અને વ્યાસજીના ઉપદેશ દ્વારા) મોક્ષ આપનારા, [૭૧]હંમેશાં સંતોના માર્ગનું રક્ષણ કરનારા, [૭૨]વિદુરજીની પ્રીતિ-ભક્તિને પૂર્ણ કરનારા શ્રીકૃષ્ણ. ।।૨૨।।

**લીલા-વ્યામોહ-કર્તા ચ કાલ-ધર્મ-પ્રવર્તકઃ ।**
**પાણ્ડવાનાં મોક્ષદાતા પરીક્ષિદ્ભાગ્યવર્ધનઃ ।।૨૩।।**

[૭૩]લીલાઓ વડે કાળને મોહ પમાડનાર, [૭૪]કાળના આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક એ ત્રિવિધ ઉત્પાતરૂપ ધર્મને પ્રવર્તાવનાર, [૭૫]પાંડવ ભક્તોને મોક્ષ આપનાર, [૭૬]પરીક્ષિત રાજાનું ભાગ્ય વધારનાર. ।।૨૩।।

**કલિ-નિગ્રહ-કર્તા ચ ધર્માદીનાં ચ પોષકઃ ।**
**સત્સંગ-જ્ઞાન-હેતુશ્ચ શ્રીભાગવત-કારણમ્ ।।૨૪।।**

[૭૭]કલિકાલનો નિગ્રહ કરનાર, કલિકાલને સ્વાધીન કરનાર, [૭૮]ધર્મ, બ્રાહ્મણ, પૃથ્વી, દીન, અનાથ વગેરેને પોષનાર, [૭૯]સંતના સમાગમથી પેદા થતા જ્ઞાનનું મૂળ કારણ, [૮૦]શ્રીમદ્ભાગવતને પ્રકટ કરવામાં કારણરૂપ. ।।૨૪।।

**પ્રાકૃતાદષ્ટમાર્ગશ્ચ ……………**

[૮૧]પ્રાકૃત કાર્યો અને અદષ્ટ પ્રારબ્ધ કર્મ જેમના થકી જ ઘટે છે એવા, દેહાદિ પ્રાકૃત પરિણામ અને અદષ્ટ-પ્રારબ્ધ કર્મને દૂર કરનાર.



# દ્વિતીયસ્કન્ધનામાનિ
## જ્ઞાન-(સાધન)-લીલા

**……………… શ્રોતવ્યઃ સકલાગમૈઃ ।**
**કીર્તિતવ્યઃ શુદ્ધભાવૈઃ સ્મર્તવ્યશ્ચાત્મવિત્તમૈઃ ।।૨૫।।**

[૮૨]સમસ્ત વેદોથી સાંભળવા લાયક, [૮૩]શુદ્ધ ભાવવાળા - નિર્મળ સ્વભાવવાળા ભક્તોથી કીર્તન કરવા લાયક, [૮૪]આત્મતત્ત્વના શ્રેષ્ઠ જ્ઞાતાઓથી સ્મરણ કરવા લાયક. ।।૨૫।।

**અનેક-માર્ગ-કર્તા ચ નાનાવિધ-ગતિ-પ્રદઃ ।**
**પુરુષઃ સકલાધારઃ સત્ત્વૈક-નિલયાત્મભૂઃ ।।૨૬।।**

[૮૫]સાંખ્ય, યોગ વગેરે અનેક માર્ગોના રચનાર અથવા અનેક એટલે કે જેની તુલનામાં એક પણ કોઈ નથી એવા અનુપમ પોતાના માર્ગના પ્રવર્તક, [૮૬]વિવિધ પ્રકારના સાધન (કીર્તન, સ્મરણ વગેરે) અનુસાર ગતિ આપનાર, [૮૭]બ્રહ્માંડ-દેહરૂપી પુરમાં વસનાર, સર્વ વિભૂતિઓમાં વસનાર, વિરાટ સ્વરૂપ, [૮૮]અખિલ બ્રહ્માંડના આધાર, [૮૯]ફક્ત સાત્ત્વિક ગુણયુકત ચિત્તવાળા ભકતોમાં વસનાર. ।।૨૬।।

**સર્વધ્યેયો યોગગમ્યો ભક્ત્યા ગ્રાહ્યઃ સુરપ્રિયઃ ।**
**જન્માદિ-સાર્થક-કૃતિર્લીલાકર્તા પતિઃ સતામ્ ।।૨૭।।**

[૯૦]સર્વ મનુષ્યો વડે સર્વત્ર ધ્યાન કરવા યોગ્ય, [૯૧]યોગ (ભક્તિયોગ) વડે પ્રાપ્ત થાય તેવા, [૯૨]ભક્તિથી પ્રાપ્ત કરી શકાય તેવા, [૯૩]દેવો અથવા દૈવી જીવોના પ્રિય, [૯૪]જન્મ ધારણ કરનારા જીવોના આયુષ્યને સફળ કરનારી કૃતિ એટલે લીલા જેમની છે તેવા પ્રભુ, [૯૫]લીલાઓ કરનાર, [૯૬]સત્પુરુષોનું પાલન કરનાર સ્વામી. ।।૨૭।।

**આદિકર્તા તત્ત્વકર્તા સર્વકર્તા વિશારદઃ ।**
**નાનાવતારકર્તા ચ બ્રહ્માવિર્ભાવ-કારણમ્ ।।૨૮।।**

[૯૭]સૌથી પ્રથમ એવા બ્રહ્માના રચનાર, [૯૮]પ્રકૃતિ વગેરે ચોવીસ તત્ત્વોના કર્તા, [૯૯]સર્વના સર્વપ્રથમ કર્તા અથવા સર્વ વિશ્વના કર્તા, [૧૦૦]અતિ નિપુણ - ચતુર, [૧૦૧]જુદા જુદા (વરાહાદિ) અવતારો ધારણ કરનાર, [૧૦૨]બ્રહ્માજીની ઉત્પત્તિમાં હેતુરૂપ. ।।૨૮।।

**દશ-લીલા-વિનોદી ચ નાના-સૃષ્ટિ-પ્રવર્તકઃ ।**
**અનેક-કલ્પ-કર્તા ચ સર્વદોષ-વિવર્જિતઃ ।।૨૯।।**

[૧૦૩]સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ અને આશ્રય એ દશ લીલાઓથી વિનોદ (ક્રીડા) કરનાર, [૧૦૪]દેવ, પિતૃ, મનુષ્ય વગેરે જુદા જુદા પ્રકારની સૃષ્ટિને ચલાવનાર, [૧૦૫]બ્રહ્મ, પદ્મ વગેરે અનેક કલ્પોના કર્તા, [૧૦૬]સઘળા દોષોથી રહિત. ।।૨૯।।

# તૃતીયસ્કન્ધનામાનિ

## સર્ગલીલા

**વૈરાગ્યહેતુસ્તીર્થાત્મા સર્વ-તીર્થ-ફલ-પ્રદઃ ।**
**તીર્થ-શુદ્ધૈક-નિલયઃ સ્વમાર્ગ-પરિપોષકઃ ।।૩૦।।**

[૧૦૭]વૈરાગ્ય ઉત્પન્ન થવામાં કારણરૂપ, [૧૦૮]તીર્થો સ્વરૂપ, [૧૦૯]સર્વ તીર્થોમાં (દર્શનરૂપ) ફળને આપનાર, [૧૧૦]તીર્થયાત્રાથી શુદ્ધ થયેલ ભક્તો જ આપનું સ્થાન છે તેવા (ભકતોના હૃદયમાં બિરાજનાર), [૧૧૧]નિજમાર્ગ-ભક્તિમાર્ગનું પોષણ કરનાર. ।।૩૦।।



**તીર્થકીર્તિર્ભક્તગમ્યો ભક્તાનુશય-કાર્યકૃત્ ।**
**ભકતતુલ્યઃ સર્વતુલ્યઃ સ્વેચ્છા-સર્વ-પ્રવર્તકઃ ।।૩૧।।**

[૧૧૨]તીર્થોની કીર્તિ જેમને લીધે છે એવા, [૧૧૩]ભક્તોથી પ્રાપ્ત કરવા યોગ્ય, [૧૧૪]ભક્તોના ચિત્તના નિરોધ માટે લીલાઓ કરનાર, [૧૧૫]સર્વ ભકતોને એક સમાન ગણનાર, [૧૧૬]સૌમાં સમમતિ રાખનાર, પ્રાણી માત્રને પોતપોતાના કર્મો અનુસાર સમાન ભાવે ફળ આપનાર, [૧૧૭]પોતાની ઈચ્છાથી સર્વને પ્રવર્તાવનાર, ભક્તોની ઈચ્છા પ્રમાણે ભક્તિપ્રદાન આદિ સર્વ કાર્યને પ્રવર્તાવનાર. ।।૩૧।।

**ગુણાતીતોઽનવદ્યાત્મા સર્ગલીલા-પ્રવર્તકઃ ।**
**સાક્ષાત્ સર્વજગત્કર્તા મહદાદિ-પ્રવર્તકઃ ।।૩૨।।**

[૧૧૮]સત્ત્વ વગેરે ગુણોથી પર, [૧૧૯]નિર્દોષ આત્મસ્વરૂપ અથવા પરનિંદા ન કરનાર ભક્તોના આત્મા-પ્રાણ, [૧૨૦]સૃષ્ટિની રચનારૂપ લીલાને કરનાર, [૧૨૧]પોતે જ સર્વ - જગતના રચનાર, [૧૨૨]મહત્ વગેરે તત્ત્વોના પ્રવર્તક. ।।૩૨।।

**માયાપ્રવર્તકઃ સાક્ષી માયા-રતિ-વિવર્ધનઃ ।**
**આકાશાત્મા ચતુર્મૂર્તિશ્ચતુર્ધા ભૂતભાવનઃ ।।૩૩।।**

[૧૨૩]સત્ત્વ, રજ અને તમ એ ત્રિગુણાત્મિકા માયાને પ્રવૃત્ત કરનાર, [૧૨૪]સાક્ષાત્ જોનાર - સાક્ષીરૂપ, [૧૨૫]માયા વડે આસક્તિને પેદા કરનાર, [૧૨૬]પ્રકાશમાન સ્વરૂપવાળા અથવા આકાશ જેમનો દેહ છે એવા, [૧૨૭]વાસુદેવ વગેરે ચાર વ્યૂહસ્વરૂપ, [૧૨૮]બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ અથવા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોને ધારણ કરનાર, [૧૨૯]પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચ તત્ત્વો(મહાભૂત)ને ઉત્પન્ન કરનાર. ।।૩૩।।

**રજ:પ્રવર્તકો બ્રહ્મા મરીચ્યાદિ-પિતામહઃ ।**
**વેદકર્તા યજ્ઞકર્તા સર્વકર્તાઽમિતાત્મકઃ ।।૩૪।।**

[૧૩૦]રજોગુણના પ્રવર્તક, [૧૩૧]બ્રહ્માસ્વરૂપ એવા ભગવાન, [૧૩૨]મરીચિ વગેરે મુનિઓના પિતામહ, [૧૩૩]વેદોના કર્તા, [૧૩૪]યજ્ઞોના કર્તા, [૧૩૫]સર્વના કર્તા, (સર્વ-વેદમય કર્તા), [૧૩૬]અસંખ્ય સ્વરૂપવાળા (અવતારોવાળા). ।।૩૪।।

**અનેક-સૃષ્ટિ-કર્તા ચ દશધા-સૃષ્ટિ-કારકઃ ।**
**યજ્ઞાંગો યજ્ઞવારાહો ભૂધરો ભૂમિપાલકઃ ।।૩૫।।**

[૧૩૭]અનેક પ્રકારની સૃષ્ટિને પ્રકટ કરનાર, [૧૩૮]દશ પ્રકારની (મહત્તત્વ, અહંકાર, પંચમહાભૂત, એકાદશ ઈન્દ્રિયો, અધદૈવત, તમઃસર્ગ એ છ પ્રાકૃત તથા મુખ્યસર્ગ, પશુપક્ષીનો સર્ગ અને મનુષ્ય એ ત્રણ વૈકૃત અને દેવસર્ગ) સૃષ્ટિને કરનાર, [૧૩૯]યજ્ઞો જેમનું અંગ છે તેવા, [૧૪૦]યજ્ઞસ્વરૂપ વરાહ ભગવાન, [૧૪૧]પૃથ્વીને (દાઢના અગ્રભાગથી) ધારણ કરનાર, [૧૪૨]પૃથ્વીનું પાલન (અને રક્ષણ) કરનાર. ।।૩૫।।

**સેતુર્વિધરણો જૈત્રો હિરણ્યાક્ષાન્તકઃ સુરઃ ।**
**દિતિ-કશ્યપ-કામૈક-હેતુ-સૃષ્ટિ-પ્રવર્તકઃ ।।૩૬।।**

[૧૪૩]મર્યાદા બાંધનાર, સર્વને પોતપોતાના ધર્મમાં બાંધનાર મર્યાદારૂપ, [૧૪૪]મર્યાદાના પાલનથી સૃષ્ટિને ધારણ કરનાર અથવા ગરુડજીથી ધારણ કરાતા, [૧૪૫]હંમેશાં વિજય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા, [૧૪૬]હિરણ્યાક્ષના મારનાર, [૧૪૭]સુર-દેવરૂપ, [૧૪૮]દિતિ અને કશ્યપની કામનાથી સૃષ્ટિને પ્રવર્તાવવામાં કારણભૂત શ્રીકૃષ્ણ. ।।૩૬।।



**દેવાભયપ્રદાતા ચ વૈકુણ્ઠાધિપતિર્મહાન્ ।**
**સર્વ-ગર્વ-પ્રહારી ચ સનકાદ્યખિલાર્થદઃ ।।૩૭।।**

[૧૪૯]દેવતાઓને અભયદાન આપનારા, [૧૫૦]વૈકુંઠના સ્વામી, [૧૫૧]સર્વથી મહાન - શ્રેષ્ઠ, [૧૫૨]સર્વના ગર્વને હરનારા, [૧૫૩]સનક વગેરેને સંપૂર્ણ અર્થ આપનાર (દર્શનરૂપ સંપૂર્ણ પુરુષાર્થ દેનાર) શ્રીકૃષ્ણ. ।।૩૭।।

**સર્વાશ્વાસનકર્તા ચ ભક્તતુલ્યાહવપ્રદઃ ।**
**કાલ-લક્ષણ-હેતુશ્ચ સર્વાર્થ-જ્ઞાપકઃ પરઃ ।।૩૮।।**

[૧૫૪]સર્વને આશ્વાસન આપનાર, [૧૫૫]ભક્તને યોગ્ય યુદ્ધ આપનાર, [૧૫૬]શુભ-અશુભ કાલના લક્ષણના જ્ઞાનમાં કારણ, [૧૫૭]સર્વ અર્થોનું જ્ઞાન કરાવનાર, [૧૫૮]સર્વથી પર. ।।૩૮।।

**ભક્તોન્નતિકરઃ સર્વ-પ્રકાર-સુખ-દાયકઃ ।**
**નાના-યુદ્ધ-પ્રહરણો બ્રહ્મ-શાપ-વિમોચકઃ ।।૩૯।।**

[૧૫૯]ભકતોની ઉન્નતિ કરનાર, [૧૬૦]સર્વ પ્રકારનાં સુખોને આપનાર, [૧૬૧]યુદ્ધનાં અનેક શસ્ત્રોવાળા, [૧૬૨]સનક વગેરે બ્રાહ્મણના શાપથી છોડાવનાર. ।।૩૯।।

**પુષ્ટિ-સર્ગ-પ્રણેતા ચ ગુણ-સૃષ્ટિ-પ્રવર્તકઃ ।**
**કર્દમેષ્ટ-પ્રદાતા ચ દેવહૂત્યખિલાર્થદઃ ।।૪૦।।**

[૧૬૩]અનુગ્રહને માટે સૃષ્ટિના સર્જક, [૧૬૪]ગુણમયી સૃષ્ટિના રચનાર, [૧૬૫]કર્દમ મુનિને ઈષ્ટ આપનાર, [૧૬૬]દેવહૂતિને સંપૂર્ણ અર્થ આપનાર. ।।૪૦।।

**શુક્લ-નારાયણઃ સત્ય-કાલ-ધર્મ-પ્રવર્તકઃ ।**
**જ્ઞાનાવતારઃ શાન્તાત્મા કપિલઃ કાલનાશકઃ ।।૪૧।।**

[૧૬૭]શુદ્ધસત્ત્વગુણી નારાયણ, [૧૬૮]વાસ્તવિક કાલધર્મના પ્રવર્તક, [૧૬૯]જ્ઞાનને પ્રકટાવનાર, [૧૭૦]શાંતસ્વરૂપ, શાંત ભક્તોના આત્મા, [૧૭૧]કપિલ ભગવાન, [૧૭૨]કાલ-મૃત્યુને દૂર કરનાર. ।।૪૧।।

**ત્રિગુણાધિપતિઃ સાંખ્ય-શાસ્ત્રકર્તા વિશારદઃ ।**
**સર્ગ-દૂષણ-હારી ચ પુષ્ટિ-મોક્ષ-પ્રવર્તકઃ ।।૪૨।।**

[૧૭૩]સત્ત્વાદિ ત્રણ ગુણના આધારરૂપ કાલના નિયામક, [૧૭૪]સાંખ્યશાસ્ત્રના કર્તા, [૧૭૫]સર્વ શાસ્ત્રમાં નિપુણ, [૧૭૬]સૃષ્ટિના દૂષણ એવા અધર્મને દૂર કરનાર, [૧૭૭]પુષ્ટિ-અનુગ્રહ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરાવનાર. ।।૪૨।।

**લૌકિકાનન્દ-દાતા ચ બ્રહ્માનન્દ-પ્રવર્તકઃ ।**
**ભક્તિ-સિદ્ધાન્ત-વક્તા ચ સગુણ-જ્ઞાન-દીપકઃ ।।૪૩।।**

[૧૭૮]લૌકિક અર્થાત્ પુત્રસ્નેહ વગેરે રૂપ આનંદને આપનારા, [૧૭૯]બ્રહ્માનંદના (બ્રહ્મ સંબંધી આનંદના) પ્રવર્તક, [૧૮૦]ભક્તિમાર્ગીય સિદ્ધાંતના વિવેચક, [૧૮૧]સત્ત્વ વગેરે ગુણવાળા પ્રપંચના જ્ઞાનના પ્રકાશક. ।।૪૩।।

**આત્મપ્રદઃ પૂર્ણકામો યોગાત્મા યોગભાવિતઃ ।**
**જીવન્મુક્તિ-પ્રદઃ શ્રીમાન્ અન્ય-ભક્તિ-પ્રવર્તકઃ ।।૪૪।।**

[૧૮૨]નિજ સ્વરૂપના દાતા, [૧૮૩]સર્વ પરિપૂર્ણ કામનાવાળા, [૧૮૪]યોગરૂપ જેમનો આત્મા છે એવા, [૧૮૫]અષ્ટાંગ યોગ દ્વારા જેમનું ચિંતન થાય છે એવા, [૧૮૬]જીવન્મુક્ત દશાને આપનાર, (જીવતાં જ કામનાઓમાંથી મુક્તિ દેનાર), [૧૮૭]શોભાથી પૂર્ણ, [૧૮૮]મહત્ તત્ત્વો અને ભક્તિના પ્રવર્તક, ધર્મ, અર્થ, વગેરે ચાર પુરુષાર્થોથી પણ વિશિષ્ટ (અધિક એવી) અન્ય ભક્તિના પ્રવર્તક. ।।૪૪।।



**કાલ-સામર્થ્ય-દાતા ચ કાલ-દોષ-નિવારકઃ ।**
**ગર્ભોત્તમ-જ્ઞાન-દાતા કર્મમાર્ગ-નિયામકઃ ।।૪૫।।**

[૧૮૯]કાળને શક્તિ આપનાર, [૧૯૦]કાળથી થતા દોષોને દૂર કરનાર, [૧૯૧]ગર્ભમાં જીવને ઉત્તમ જ્ઞાન આપનાર, [૧૯૨]કર્મમાર્ગના નિયામક (કર્મથી થતા જન્મ મરણના ફેરાના નાશક). ।।૪૫।।

**સર્વમાર્ગ-નિરાકર્તા ભક્તિ-માર્ગૈક-પોષકઃ ।**
**સિદ્ધિહેતુઃ સર્વહેતુઃ સર્વાશ્ચર્યૈક-કારણમ્ ।।૪૬।।**

[૧૯૩](શરણાગતિથી) અન્ય સર્વ માર્ગનું નિરાકરણ કરનાર, [૧૯૪]કેવળ ભક્તિમાર્ગના પોષક, [૧૯૫]સિદ્ધિની પ્રાપ્તિમાં હેતુ, [૧૯૬]સંપૂર્ણ સિદ્ધિઓના કારણ, [૧૯૭]સર્વ આશ્ચર્યના એકમાત્ર કારણ. ।।૪૬।।

**ચેતનાચેતન-પતિઃ સમુદ્ર-પરિ-પૂજિતઃ ।**
**સાંખ્યાચાર્યસ્તુતઃ સિદ્ધ-પૂજિતઃ સર્વપૂજિતઃ ।।૪૭।।**

[૧૯૮]ચેતન-અચેતન, જ્ઞાની-અજ્ઞાની અથવા સ્થાવર-જંગમના પાલક, [૧૯૯]સમુદ્રથી પૂજાયેલા, [૨૦૦]સાંખ્યાચાર્યોથી સ્તવન કરાયેલા, [૨૦૧]સિદ્ધ જનોથી પૂજાતા, [૨૦૨]સર્વથી પૂજાતા. ।।૪૭।।

# ચતુર્થસ્કન્ધનામાનિ

## વિસર્ગલીલા

**વિસર્ગ-કર્તા સર્વેશઃ કોટિ-સૂર્ય-સમ-પ્રભઃ ।**
**અનન્ત-ગુણ-ગમ્ભીરો મહાપુરુષ-પૂજિતઃ ।।૪૮।।**

[૨૦૩]વિસર્ગલીલાના કરનાર, [૨૦૪]પ્રાણી માત્રના સ્વામી, [૨૦૫]કરોડો સૂર્યના સરખી કાંતિવાળા, [૨૦૬]અનંત ગુણોથી ગંભીર, દેશકાલ વગેરેની મર્યાદાથી રહિત અનંતગુણો વડે પૂર્ણ, [૨૦૭] (બ્રહ્મા, નારદ વગેરે) મહાપુરુષોથી પૂજાતા. ।।૪૮।।

**અનન્ત-સુખ-દાતા ચ બ્રહ્મ-કોટિ-પ્રજાપતિઃ ।**
**સુધા-કોટિ-સ્વાસ્થ્ય-હેતુઃ કામધુક્કોટિકામદઃ ।।૪૯।।**

[૨૦૮]અનંત સુખોને આપનાર, [૨૦૯]કોટિ બ્રહ્માઓને પ્રકટ કરનાર, [૨૧૦]અનંત અમૃતના જેવી સ્વસ્થતા-શાંતિને આપનાર, [૨૧૧]કરોડો કામધેનુની સમાન કામનાને પૂરનાર. ।।૪૯।।

**સમુદ્ર-કોટિ-ગમ્ભીરઃ તીર્થ-કોટિ-સમાહ્વયઃ ।**
**સુમેરુ-કોટિ-નિષ્કમ્પઃ કોટિ-બ્રહ્માંડ-વિગ્રહઃ ।।૫૦।।**

[૨૧૨]કરોડો સમુદ્રના સમાન  ગંભીર, [૨૧૩]કરોડો તીર્થોના સમાન, [૨૧૪]કરોડો મેરુના સરખા અચલ, [૨૧૫]કરોડો બ્રહ્માંડ જેમના દેહ છે તેવા. ।।૫૦।।

**કોટ્યશ્વમેધ-પાપઘ્નો વાયુ-કોટિ-મહાબલઃ ।**
**કોટીન્દુ-જગદાનન્દી શિવ-કોટિ-પ્રસાદકૃત્ ।।૫૧।।**

[૨૧૬]અનેક (અસંખ્ય) અશ્વમેધોની માફક પાપોને દૂર કરનાર, [૨૧૭]અસંખ્ય વાયુ સરખા બલિષ્ઠ, [૨૧૮]જગતને અનંત ચંદ્રોના જેવો આનંદ આપનાર, [૨૧૯]અનંત શિવ સમાન પ્રસાદ-કૃપા કરનાર. ।।૫૧।।



**સર્વ-સદ્ગુણ-માહાત્મ્યઃ સર્વ-સદ્ગુણ-ભાજનમ્ ।**
**મન્વાદિ-પ્રેરકો ધર્મો યજ્ઞનારાયણઃ પરઃ ।।૫૨।।**

[૨૨૦]સર્વ સદ્ગુણોના માહાત્મ્યને ધરનાર, [૨૨૧]સર્વ પ્રકારના સદ્ગુણોના પાત્ર (ધારક), [૨૨૨]સ્વયંભૂ-મનુ વગેરેને પ્રેરનાર, [૨૨૩]ધર્માત્મા, [૨૨૪]યજ્ઞનારાયણ, [૨૨૫]સર્વથી શ્રેષ્ઠ – સર્વનું પોષણ કરનાર. ।।૫૨।।

**આકૂતિ-સૂનુર્દેવેન્દ્રો રુચિ-જન્માઽભય-પ્રદઃ ।**
**દક્ષિણા-પતિરોજસ્વી ક્રિયાશક્તિઃ પરાયણઃ ।।૫૩।।**

[૨૨૬]મનુપુત્રી આકૂતિના પુત્ર-યજ્ઞનારાયણ, [૨૨૭]સર્વ દેવોના દેવ એવા ઈન્દ્ર, [૨૨૮]રુચિમુનિથી જન્મ લેનાર, [૨૨૯]અભય દાન આપનાર, [૨૩૦]રુચિના પુત્રી લક્ષ્મીરૂપા દક્ષિણાના સ્વામી, [૨૩૧]ઉત્સાહી-પરાક્રમી, [૨૩૨]ક્રિયાશક્તિસ્વરૂપ, [૨૩૩]પરમ આશ્રયરૂપ. ।।૫૩।।

**દત્તાત્રેયો યોગપતિર્યોગ-માર્ગ-પ્રવર્તકઃ ।**
**અનસૂયા-ગર્ભ-રત્નમ્ ઋષિ-વંશ-વિવર્ધનઃ ।।૫૪।।**

[૨૩૪]દત્તાત્રેય ભગવાન, [૨૩૫]યોગના સ્વામી, [૨૩૬]યોગમાર્ગના પ્રવર્તક, [૨૩૭]અનસૂયાની સંતતિમાં શ્રેષ્ઠ સંતતિ સ્વરૂપ, [૨૩૮]ઋષિઓના વંશને વધારનાર. ।।૫૪।।

**ગુણ-ત્રય-વિભાગજ્ઞઃ ચતુર્વર્ગ-વિશારદઃ ।**
**નારાયણો ધર્મસૂનુર્મૂર્તિ-પુણ્ય-યશસ્કરઃ ।।૫૫।।**

[૨૩૯]સત્ત્વાદિ ત્રણ ગુણોના વિભાગને જાણનાર, [૨૪૦]ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોના જાણકાર, [૨૪૧]નારાયણ ભગવાન – (નર) આત્મામાંથી ઉત્પન્ન આકાશાદિ તત્ત્વો (નાર)ના મૂળ કારણરૂપ, [૨૪૨]ધર્મના પુત્રસ્વરૂપ (ધર્મ દ્વારા જાણી શકાતા), [૨૪૩]ધર્મના પત્ની અને પોતાની માતા મૂર્તિના પવિત્ર યશને ફેલાવનાર. ।।૫૫।।

**સહસ્ર-કવચચ્છેદી તપઃ-સારો નર-પ્રિયઃ ।**
**વિશ્વાનન્દ-પ્રદઃ કર્મ-સાક્ષી ભારત-પૂજિતઃ ।।૫૬।।**

[૨૪૪]હજારો શત્રુઓનાં કવચોને છેદનાર, [૨૪૫]તપોબલવાળા, [૨૪૬]નર-અર્જુન/જીવના પ્રિય, [૨૪૭]વિશ્વને આનંદ આપનાર, [૨૪૮]કર્મોને જાણનાર-સાક્ષી, [૨૪૯]ભારતથી (સારસ્વતોથી, ભરતવંશીય જનોથી અથવા ભારતના લોકોથી) વંદન કરાયેલા. ।।૫૬।।

**અનન્તાદ્ભુત-માહાત્મ્યો બદરીસ્થાન-ભૂષણમ્ ।**
**જિતકામો જિતક્રોધો જિતસંગો જિતેન્દ્રિયઃ ।।૫૭।।**

[૨૫૦]અખંડ અદ્‌ભુત મહિમાવાળા, [૨૫૧]બદરિકાશ્રમનું ભૂષણ, [૨૫૨]કામદેવના વિજેતા, [૨૫૩]ક્રોધને જીતનારા, [૨૫૪]સંગના વિજેતા, [૨૫૫]ઇન્દ્રિયોના વિજેતા. ।।૫૭।।

**ઉર્વશી-પ્રભવઃ સ્વર્ગ-સુખદાયી સ્થિતિપ્રદઃ ।**
**અમાની માનદો ગોપ્તા ભગવચ્છાસ્ત્ર-બોધકઃ ।।૫૮।।**

[૨૫૬]ઉર્વશી અપ્સરાના ઉત્પાદક, [૨૫૭]સ્વર્ગ (ઇન્દ્ર વગેરે)ને સુખ આપનાર, [૨૫૮]સ્વર્ગમાં સ્થાન આપનાર, [૨૫૯]અભિમાન રહિત, [૨૬૦]સર્વને માન આપનાર, [૨૬૧]સર્વ લોકનું રક્ષણ કરનાર, [૨૬૨]નારદપંચરાત્ર, ભાગવત આદિ શાસ્ત્રના બોધક. ।।૫૮।।

**બ્રહ્માદિ-વન્દ્યો હંસશ્રીમાયા-વૈભવ-કારણમ્ ।**
**વિવિધાનન્ત-સર્ગાત્મા વિશ્વ-પૂરણ-તત્પરઃ ।।૫૯।।**

[૨૬૩]બ્રહ્મા વગેરે દેવોથી વંદન કરવા યોગ્ય, [૨૬૪]હંસસ્વરૂપ (સંસારને જાણનાર) પ્રભુ, [૨૬૫]લક્ષ્મીસ્વરૂપ, [૨૬૬]માયાના (પ્રકૃતિના) વૈભવના કારણરૂપ, [૨૬૭]જુદી જુદી અસંખ્ય સૃષ્ટિમાં જવાના સ્વભાવવાળા, [૨૬૮]સમસ્ત વિશ્વનું પોષણ કરવામાં સદા તૈયાર. ।।૫૯।।



**યજ્ઞ-જીવન-હેતુશ્ચ યજ્ઞ-સ્વામીષ્ટ-બોધકઃ ।**
**નાના-સિદ્ધાન્ત-ગમ્યશ્ચ સપ્ત-તન્તુશ્ચ ષડ્‌ગુણઃ ।।૬૦।।**

[૨૬૯]યજ્ઞકાર્યમાં જ જેમનું જીવન છે એવા દક્ષ વગેરેના જીવન યાપનમાં કારણરૂપ, યજ્ઞના જીવનમાં (પુનરૂત્થાનમાં) કારણભૂત, [૨૭૦]યજ્ઞના સ્વામી, [૨૭૧]ઈષ્ટ વસ્તુના પ્રદર્શક, [૨૭૨]જુદા જુદા અનેક સિદ્ધાંતો વડે જ્ઞેય, [૨૭૩]અગ્નિષ્ટોમ, ઉક્‌થ્ય, ષોડશી, અતિરાત્ર, આપ્ત, અર્યામ,વાજપેય - એ સાત યજ્ઞપ્રકારોનો વિસ્તાર કરનાર, [૨૭૪]છ પ્રકારના ગુણો (ઐશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય)થી શોભતા. ।।૬૦।।

**પ્રતિ-સર્ગ-જગત્કર્તા નાના-લીલા-વિશારદઃ ।**
**ધ્રુવપ્રિયો ધ્રુવસ્વામી ચિન્તિતાધિક-દાયકઃ ।।૬૧।।**

[૨૭૫]દરેક સર્ગના આરંભમાં જગતના રચનાર, [૨૭૬]જુદી જુદી સર્ગ, વિસર્ગ વગેરે લીલાઓમાં નિપુણ, [૨૭૭]ધ્રુવજી જેને પ્રિય છે, ધ્રુવજીના પ્રિય [૨૭૮]ધ્રુવજીના સ્વામી, [૨૭૯](ધ્રુવજી વગેરેને) વિચાર્યા કરતાં વિશેષનું દાન કરનાર. ।।૬૧।।

**દુર્લભાનન્ત-ફલદો દયા-નિધિરમિત્રહા ।**
**અંગસ્વામી કૃપાસારો વૈન્યો ભૂમિ-નિયામકઃ ।।૬૨।।**

[૨૮૦]દેવોને દુર્લભ એવા અવિનાશી ફલને આપનાર, [૨૮૧]દયાના ભંડાર, [૨૮૨]શત્રુઓનો વિનાશ કરનારા, [૨૮૩]અંગ રાજાના નિયામક, [૨૮૪]કૃપારૂપી સાર વસ્તુ જેમની પાસે છે તેવા, [૨૮૫]વૈન્ય (વેન રાજાના પુત્ર) - પૃથુરાજારૂપ પ્રભુ, [૨૮૬]પૃથ્વીના નિયામક. ।।૬૨।।

**ભૂમિ-દોગ્ધા પ્રજા-પ્રાણ-પાલનૈક-પરાયણઃ ।**
**યશોદાતા જ્ઞાનદાતા સર્વ-ધર્મ-પ્રદર્શકઃ ।।૬૩।।**

[૨૮૭]પૃથ્વીરૂપ ગાયનું દોહન કરનારા, [૨૮૮]પ્રજાના પ્રાણોની રક્ષા કરવામાં જ સદા તૈયાર, [૨૮૯]યશ આપનાર, [૨૯૦]જ્ઞાન આપનાર, [૨૯૧]સર્વ ધર્મોનો ઉપદેશ કરનાર. ।।૬૩।।

**પુરઞ્જનો જગન્મિત્રં વિસર્ગાન્ત-પ્રદર્શકઃ ।**
**પ્રચેતસાં પતિશ્ચિત્ર-ભક્તિહેતુર્જનાર્દનઃ ।।૬૪।।**

[૨૯૨]પુરંજન-શરીરના જનક, [૨૯૩]જગતના મિત્ર, [૨૯૪]વિસર્ગના અંતના પણ દર્શક, પ્રાચીનબર્હિ-રાજાની પુનઃ સૃષ્ટિ કરવાની ઈચ્છાને નારદજીના ઉપદેશ દ્વારા શાંત કરનાર, [૨૯૫]પ્રચેતાઓના સ્વામી, [૨૯૬]અલૌકિક ભક્તિના કારણ, [૨૯૭] જનાર્દન (અવિદ્યાને દૂર કરનાર). ।।૬૪।।

**સ્મૃતિહેતુ-બ્રહ્મભાવ-સાયુજ્યાદિ-પ્રદઃ શુભઃ ।**
**વિજયી ... ... ... ... ... ... ... ...**

[૨૯૮]ભગવત્સ્મરણના લીધે થતા બ્રહ્મભાવથી સાયુજ્ય વગેરે મુક્તિને આપનાર, [૨૯૯]મંગલ સ્વરૂપ, [૩૦૦]સર્વત્ર વિજય મેળવનાર.

# પઞ્ચમસ્કન્ધનામાનિ

## સ્થાનલીલા

**... ... સ્થિતિ-લીલાબ્ધિરચ્યુતો વિજય-પ્રદઃ ।।૬૫।।**

[૩૦૧]'સ્થિતિ' નામની ત્રીજી લીલાના સાગર, [૩૦૨]અચ્યુત – ચલિત ન થાય તેવા, [૩૦૩]ભક્તોને વિજય આપનાર. ।।૬૫।।



**સ્વ-સામર્થ્ય-પ્રદો ભક્ત-કીર્તિહેતુરધોક્ષજઃ ।**
**પ્રિયવ્રત-પ્રિયસ્વામી સ્વેચ્છા-વાદ-વિશારદઃ ।।૬૬।।**

[૩૦૪]સ્વ = નિજજનોને સામર્થ્ય આપનાર, [૩૦૫]ભક્તોની કીર્તિમાં કારણ, [૩૦૬]નિમ્નસ્વરૂપનું ઈન્દ્રિયજન્ય જ્ઞાન પણ એમના લીધે જ થાય છે એવા, જિતેન્દ્રિય ભક્તોને પ્રત્યક્ષ થનાર, [૩૦૭]પ્રિયવ્રત રાજાના પ્રિયસ્વામી, [૩૦૮]સ્વ-ઈચ્છાથી પ્રકટેલા બ્રહ્મવાદમાં અત્યંત કુશળ. ।।૬૬।।

**સંગ્યગમ્યઃ સ્વ-પ્રકાશઃ સર્વ-સંગ-વિવર્જિતઃ ।**
**ઈચ્છાયાં ચ સમર્યાદઃ ત્યાગ-માત્રોપલમ્ભનઃ ।।૬૭।।**

[૩૦૯]સંગીઓથી અગમ્ય પ્રભુ, [૩૧૦]સ્વયંપ્રકાશ, [૩૧૧]સર્વ પ્રકારના સાંસારિક સંગોને દૂર કરનાર/સર્વ સંગથી રહિત, (કવિ, મહાવીર, સવન - ત્રણેનો વિષયસંગ દૂર કરનાર) [૩૧૨]ત્યાગની ઈચ્છાવાળા ભક્તોના મર્યાદક, [૩૧૩]સર્વ વસ્તુના - સંગના ત્યાગમાત્રથી પ્રાપ્ત થતા. ।।૬૭।।

**અચિન્ત્ય-કાર્ય-કર્તા ચ તર્કાગોચર-કાર્ય-કૃત્ ।**
**શૃંગાર-રસ-મર્યાદા આગ્નીધ્ર-રસ-ભાજનમ્ ।।૬૮।।**

[૩૧૪]અચિંત્ય કાર્યોના કરનાર, [૩૧૫]અનુમાનમાં ન ઊતરે તેવાં કાર્યોના કર્તા, [૩૧૬]શૃંગારરસના સીમારૂપ પ્રભુ, [૩૧૭]આગ્નીધ્ર રાજાના રસના આશ્રયરૂપ. ।।૬૮।।

**નાભીષ્ટ-પૂરકઃ કર્મ-મર્યાદા-દર્શનોત્સુકઃ ।**
**સર્વ-રૂપોઽદ્ભુત-તમો મર્યાદા-પુરુષોત્તમઃ ।।૬૯।।**

[૩૧૮]નાભિ રાજાની ઈચ્છાના પૂરક, [૩૧૯]કર્મમાર્ગની મર્યાદા દર્શાવવામાં ઉત્સુક, [૩૨૦]સર્વસ્વરૂપ, [૩૨૧]સૌથી વધુ અદ્ભુત, [૩૨૨]મર્યાદા પુરુષોત્તમ (ઋષભદેવ). ।।૬૯।।

**સર્વરૂપેષુ સત્યાત્મા કાલસાક્ષી શશિપ્રભઃ ।**
**મેરુદેવી-વ્રત-ફલમ્ ઋષભો ભગલક્ષણઃ ।।૭૦।।**

[૩૨૩]બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે સર્વ રૂપોમાં સત્ય સ્વરૂપે વસતા, [૩૨૪]કાલના સાક્ષી-નિયામક, [૩૨૫]ચંદ્રમા સમાન કાંતિવાળા, [૩૨૬]મેરુદેવીના પુંસવન વગેરે વ્રતના ફલસ્વરૂપ, [૩૨૭]ઋષભદેવ પ્રભુ, [૩૨૮]છ પ્રકારનાં ઐશ્વર્યોના પ્રદર્શક. ।।૭૦।।

**જગત્-સન્તર્પકો મેઘ-રૂપી દેવેન્દ્ર-દર્પ-હા ।**
**જયન્તી-પતિરત્યન્ત-પ્રમાણાશેષ-લૌકિકઃ ।।૭૧।।**

[૩૨૯]જગતને તૃપ્ત કરનાર, જગતનું સર્વથા પોષણ કરનાર; [૩૩૦]મેઘસ્વરૂપ, [૩૩૧]ઈન્દ્રના ગર્વને પણ ઉતારનાર, [૩૩૨]ઈન્દ્રપુત્રી જયંતીના પતિદેવ, [૩૩૩]સઘળા લૌકિક પ્રમાણોને સર્વથા ઓળંગનાર (લૌકિક પ્રમાણોથી પર). ।।૭૧।।

**શતધા-ન્યસ્ત-ભૂતાત્મા શતાનન્દો ગુણપ્રસૂઃ ।**
**વૈષ્ણવોત્પાદનપરઃ સર્વ-ધર્મોપદેશકઃ ।।૭૨।।**

[૩૩૪]સો પ્રકારથી પોતાના આત્માને (પુત્રોના) દેહોમાં ધારણ કરનાર, [૩૩૫]સો સંખ્યાવાળા પુત્રોથી આનંદ પ્રાપ્ત કરનાર, [૩૩૬]ગુણોને જન્મ આપનારા, (ગુણવાન ભરતજીને જન્મ આપનારા), [૩૩૭]વૈષ્ણવ-ભક્ત ભરતને પેદા કરનારા, [૩૩૮]સર્વ ધર્મોના ઉપદેશક (નિવૃત્તિ લક્ષણવાળા સર્વ ધર્મોનો બ્રહ્મર્ષિઓને ઉપદેશ કરનાર). ।।૭૨।

**પર-હંસ-ક્રિયા-ગોપ્તા યોગ-ચર્યા-પ્રદર્શકઃ ।**
**ચતુર્થાશ્રમ-નિર્ણેતા સદાનન્દ-શરીરવાન્ ।।૭૩।।**

[૩૩૯]પરમ હંસોની ક્રિયાના સંરક્ષક, [૩૪૦]યોગચર્યાના પ્રદર્શક, [૩૪૧]ચતુર્થ આશ્રમ (સંન્યાસાશ્રમ)ના નિર્ણેતા, [૩૪૨]સદા આનંદમય શરીરવાળા. ।।૭૩।।



**પ્રદર્શિતાન્ય-ધર્મશ્ચ ભરત-સ્વામ્યપાર-કૃત્ ।**
**યથાવત્-કર્મ-કર્તા ચ સંગાનિષ્ટ-પ્રદર્શકઃ ।।૭૪।।**

[૩૪૩]અન્ય જીવોને ધર્મમાર્ગના પ્રદર્શક, [૩૪૪]ભરત રાજાના પાલક, [૩૪૫]અપાર સંસારસાગરને છેદનાર, [૩૪૬]વેદમાં કહેલાં સંપૂર્ણ કર્મોના કર્તા, [૩૪૭](ભગવત્સંબંધ વગરના) સંગથી થતા અનર્થના પ્રદર્શક. ।।૭૪।।

**આવશ્યક-પુનર્જન્મ-કર્મ-માર્ગ-પ્રદર્શકઃ ।**
**યજ્ઞ-રૂપ-મૃગઃ શાન્તઃ સહિષ્ણુઃ સત્પરાક્રમઃ ।।૭૫।।**

[૩૪૮]અવશ્ય થનારા પુનર્જન્મમાં કારણભૂત એવા કર્મમાર્ગના પ્રદર્શક, [૩૪૯]યજ્ઞમાં બલિદાન આપવાને મૃગરૂપ એવા ભગવાન જડભરત, [૩૫૦]શાંત સ્વરૂપ ભગવાન, [૩૫૧]સહનશીલ, [૩૫૨]સત્ય પરાક્રમવાળા. ।।૭૫।।

**રહૂગણ-ગતિ-જ્ઞશ્ચ રહૂગણ-વિમોચકઃ ।**
**ભવાટવી-તત્ત્વ-વક્તા બહિર્મુખ-હિતે રતઃ ।।૭૬।।**

[૩૫૩]રહૂગણ રાજાને જ્ઞાન આપવાના ઉપાયને જાણનાર, [૩૫૪]રહૂગણ રાજાને (કાલપાશમાંથી) મુકત કરનાર, [૩૫૫]સંસારવનના તત્ત્વના વક્તા, [૩૫૬]બહિર્મુખ જીવોના હિતમાં સદા તૈયાર. ।।૭૬।।

**ગય-સ્વામી સ્થાન-વંશ-કર્તા સ્થાન-વિભેદ-કૃત્ ।**
**પુરુષાવયવો ભૂમિ-વિશેષ-વિનિરૂપકઃ ।।૭૭।।**

[૩૫૭]'ગય'નામના રાજાના સ્વામી, [૩૫૮]ધર્મની સ્થિતિ માટે ગય રાજાના વંશના કર્તા, [૩૫૯]સ્થાન-પ્રિયવ્રત વંશની જુદી જુદી શાખાઓ કરનાર, [૩૬૦]વિરાટ સ્વરૂપ, [૩૬૧]ભૂમિનું વિશેષ રીતે નિરૂપણ કરનાર. ।।૭૭।।

**જમ્બૂ-દ્વીપ-પતિર્મેરુ-નાભિ-પદ્મરુહાશ્રયઃ ।**
**નાના-વિભૂતિ-લીલાઢ્યો ગંગોત્પત્તિ-નિદાનકૃત્ ।।૭૮।।**

[૩૬૨]જંબૂદ્વીપના સ્વામી, [૩૬૩]ઈલાવ્રત વર્ષના મધ્ય ભાગના પ્રદેશમાં કમલની માફક પ્રાદુર્ભૂત થયેલ મેરુરૂપ, [૩૬૪](લક્ષ્મીજીની) વિવિધ લીલાઓથી પરિપૂર્ણ, [૩૬૫]ગંગા નદીના ઉત્પત્તિસ્થાનકારક. ।।૭૮।।

**ગંગા-માહાત્મ્ય-હેતુશ્ચ ગંગા-રૂપોઽતિ-ગૂઢ-કૃત્ ।**
**વૈકુણ્ઠ-દેહ-હેત્વમ્બુ-જન્મ-કૃત્ સર્વ-પાવનઃ ।।૭૯।।**

[૩૬૬]ગંગાજીના મહિમાના કારણ, [૩૬૭]ગંગાજી સ્વરૂપ, [૩૬૮]ગુપ્ત પાપોના વિનાશક, [૩૬૯]વૈકુંઠલોકની પ્રાપ્તિને યોગ્ય થતા દેહની યોગ્યતામાં કારણભૂત ગંગાજલને પેદા કરનાર, [૩૭૦](ગંગાજી રૂપે) સર્વને સમાનતાથી પવિત્ર કરનાર. ।।૭૯।।

**શિવસ્વામી શિવોપાસ્યો ગૂઢઃ સંકર્ષણાત્મકઃ ।**
**સ્થાન-રક્ષાર્થ-મત્સ્યાદિ-રૂપઃ સર્વૈક-પૂજિતઃ ।।૮૦।।**

[૩૭૧]શિવજીના સ્વામી, [૩૭૨]શિવજીના ઉપાસ્ય, [૩૭૩]ગુપ્તસ્વરૂપ પ્રભુ, [૩૭૪]સંકર્ષણ પ્રભુસ્વરૂપ, [૩૭૫]સ્થાન, ખંડ, દ્વીપ વગેરેનાં રક્ષણ માટે મત્સ્ય વગેરે સ્વરૂપ ધારણ કરનાર, [૩૭૬]સર્વ ભક્તજનોથી (જુદી જુદી રીતે) પૂજાતા એકમાત્ર પ્રભુ. ।।૮૦।।

**ઉપાસ્ય-નાના-રૂપાત્મા જ્યોતીરૂપો ગતિપ્રદઃ ।**
**સૂર્યનારાયણો વેદ-કાન્તિરુજ્જ્વલ-વેષ-ધૃક્ ।।૮૧।।**

[૩૭૭]ઉપાસનાને યોગ્ય અનેક અવતારો ધરનાર, [૩૭૮]જ્યોતિ-સૂર્ય સ્વરૂપ, [૩૭૯]ઉત્તર અને દક્ષિણ અયનની ગતિ પ્રમાણે ફલને આપનાર, [૩૮૦]સૂર્યનારાયણ, [૩૮૧]ઋગ્, યજુઃ, સામ વેદોરૂપ કાંતિ વાળા, [૩૮૨]પ્રકાશમાન સ્વરૂપને ધારણ કરનાર. ।।૮૧।।



**હંસોઽન્તરિક્ષ-ગમનઃ સર્વ-પ્રસવ-કારણમ્ ।**
**આનન્દ-કર્તા વસુદો બુધો વાક્પતિરુજ્જ્વલઃ ।।૮૨।।**

[૩૮૩]હંસ, (સર્વના આયુષને હરનાર સૂર્યરૂપી પરમાત્મા), [૩૮૪]અંતરિક્ષ-આકાશમાં ગમન કરનાર એવા સૂર્ય પ્રભુ, [૩૮૫]સર્વ પ્રાણી માત્રને પ્રેરણા કરનાર સૂર્ય, [૩૮૬]આનંદ આપનાર - ચંદ્ર (સોમ)રૂપ ભગવાન, [૩૮૭]ધન-ધાન્યને આપનાર મંગળરૂપ ભગવાન, [૩૮૮] સર્વને જાણનાર બુધરૂપી પરમાત્મા, [૩૮૯]વાણીના પતિ (બૃહસ્પતિ) ગુરુરૂપ શ્રીકૃષ્ણ પ્રભુ, [૩૯૦]શ્વેત શુક્રરૂપી પરમાત્મા. ।।૮૨।।

**કાલાત્મા કાલકાલશ્ચ કાલચ્છેદકૃદુત્તમઃ ।**
**શિશુમારઃ સર્વમૂર્તિઃ આધિદૈવિક-રૂપ-ધૃક્ ।।૮૩।।**

[૩૯૧]કાલ જેવા સ્વરૂપવાળા શનિ, [૩૯૨]કાલના કાલરૂપ રાહુ ગ્રહરૂપ, [૩૯૩]'કાલ' એટલે રાહુનો છેદ કરી કેતુ નામનો ગ્રહ કરનાર પ્રભુ, [૩૯૪]ઉત્તમ - શિશુમાર ચક્રરૂપ, [૩૯૫]શિશુમાર (જલજંતુવિશેષ 'શિશુમાર' જેવી પૂંછડી ધરનાર વિશિષ્ટ આકૃતિવાળા), [૩૯૬]સર્વ એટલે કે ધર્મ, બ્રહ્મા વગેરે સ્વરૂપી પ્રભુ, [૩૯૭]આધિદૈવિક રૂપને ધરનાર. ।।૮૩।।

**અનન્ત-સુખ-ભોગાઢ્યો વિવરૈશ્વર્ય-ભાજનમ્ ।**
**સંકર્ષણો દૈત્યપતિઃ સર્વાધારો બૃહદ્વપુઃ ।।૮૪।।**

[૩૯૮]સંપૂર્ણ સુખના ભોગથી સમૃદ્ધ, [૩૯૯]અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, પાતાલ, એ સાત પાતાલોના ઐશ્વર્યના આશ્રય, [૪૦૦](પાતાલથી ૩૦૦૦૦ યોજન નીચે વિરાજતા) સંકર્ષણ (સૌને સારી રીતે આકર્ષનાર), [૪૦૧]દૈત્યોના સ્વામી, [૪૦૨]સર્વના આશ્રય, [૪૦૩]મોટા દેહવાળા. ।।૮૪।।

**અનન્ત-નરકચ્છેદી સ્મૃતિ-માત્રાર્તિ-નાશનઃ ।**
**સર્વાનુગ્રહ-કર્તા ચ ... ... ... ... ... ...**

[૪૦૪](સ્મરણ કરતાં) અસંખ્ય નરકની યાતનાઓના વિનાશક, [૪૦૫]સ્મરણ થવા માત્રથી જ પીડાઓના હરનાર, [૪૦૬]સર્વની ઉપર સમાનતાથી અનુગ્રહ કરનાર.

# ષષ્ઠસ્કન્ધનામાનિ

## પોષણ-(પુષ્ટિ)-લીલા

**... ... ... ... મર્યાદા-ભિન્ન-શાસ્ત્રકૃત્ ।।૮૫।।**

[૪૦૭]મર્યાદાથી જુદાં શાસ્ત્રોના રચનાર. ।।૮૫।।

**કાલાન્તક-ભયચ્છેદી નામ-સામર્થ્ય-રૂપ-ધૃક્ ।**
**ઉદ્ધારાનર્હ-ગોપ્ત્રાત્મા નામાદિ-પ્રેરકોત્તમઃ ।।૮૬।।**

[૪૦૮]યમ અને મૃત્યુના ભયને છેદનાર, [૪૦૯]સર્વ પાપો દૂર કરવા રૂપ નામોની શક્તિને ધરનારા, [૪૧૦]સંસારથી મુકત થવાને અયોગ્ય જીવોના પણ પાલક, [૪૧૧]સાધનોમાં શ્રેષ્ઠ એવા નામસ્મરણ સાધનોના ઉત્તમ પ્રેરક. ।।૮૬।।

**અજામિલ-મહાદુષ્ટ-મોચકોઽઘ-વિમોચકઃ ।**
**ધર્મવક્તા-ઽક્લિષ્ટ-વકતા વિષ્ણુ-ધર્મ-સ્વરૂપ-ધૃક્ ।।૮૭।।**

[૪૧૨]મહાદુષ્ટ અજામિલને પાપથી છોડાવનાર, [૪૧૩](અજામિલને સ્ત્રીસંગરૂપ) પાપમાંથી બચાવનાર, [૪૧૪]ધર્મના વકતા, [૪૧૫]શાસ્ત્રવિહિત સરલ ધર્મના વકતા, [૪૧૬]વૈષ્ણવધર્મરૂપી ધનવાળા ભકતોમાં સ્વરૂપને ધારણ કરનાર. ।।૮૭।।



**સન્માર્ગ-પ્રેરકો ધર્તા ત્યાગહેતુરધોક્ષજઃ ।**
**વૈકુણ્ઠ-પુર-નેતા ચ દાસ-સંવૃદ્ધિ-કારકઃ ।।૮૮।।**

[૪૧૭]નામસ્મરણરૂપ સન્માર્ગના પ્રેરક, [૪૧૮](ભકતોને) ધારણ કરનાર, [૪૧૯](વિષયના) ત્યાગમાં હેતુરૂપ, [૪૨૦]સ્વતંત્ર જ્ઞાનવાન, (ઇન્દ્રિયોથી ન મળતા જ્ઞાનને પ્રકટ કરનાર), [૪૨૧]વૈકુંઠપુરના નાયક, [૪૨૨]નિજજનોની સર્વવિધ વૃદ્ધિ કરનાર. ।।૮૮।।

**દક્ષ-પ્રસાદ-કૃદ્-હંસ-ગુહ્ય-સ્તુતિ-વિભાવનઃ ।**
**સ્વાભિપ્રાય-પ્રવક્તા ચ મુકતજીવ-પ્રસૂતિ-કૃત્ ।।૮૯।।**

[૪૨૩]પ્રાચેતસ દક્ષના ઉપર અનુગ્રહ કરનાર, [૪૨૪]હંસરૂપ (પરમાત્મા) સંબંધી ગુહ્યની સ્તુતિમાં પ્રેરક, [૪૨૫]પોતાના અભિપ્રાયને યથાર્થ કહેનાર, [૪૨૬]મુકતપ્રાયઃ જીવોનો જન્મ કરનાર. ।।૮૯।।

**નારદ - પ્રેરણાત્મા ચ હર્યશ્વ - બ્રહ્મ - ભાવનઃ ।**
**શબલાશ્વ-હિતો ગૂઢ-વાક્યાર્થ-જ્ઞાપન-ક્ષમઃ ।।૯૦।।**

[૪૨૭]નારદજીની પ્રેરણામાં ચિત્તવાળા, [૪૨૮]હર્યશ્વોને બ્રહ્મભાવ પેદા કરનાર, [૪૨૯]શબલાશ્વોના (હર્યશ્વોના) હિતકારક, [૪૩૦]નારદજીના કૂટ પ્રશ્નોત્તરને જણાવવામાં સમર્થ. ।।૯૦।।

**ગૂઢાર્થ-જ્ઞાપનઃ સર્વ-મોક્ષાનન્દ-પ્રતિષ્ઠિતઃ ।**
**પુષ્ટિ-પ્રરોહ-હેતુશ્ચ દાસૈક-જ્ઞાત-હૃદ્ગતઃ ।।૯૧।।**

[૪૩૧]ગૂઢ અર્થને જણાવનાર, (હર્યશ્વોના મોક્ષરૂપ ગુપ્ત જ્ઞાન દક્ષને જણાવનાર), [૪૩૨]સર્વ હર્યશ્વ વગેરેના મોક્ષથી નારદજીને આનંદના સ્થાપક, [૪૩૩]પુષ્ટિમાર્ગીય સૃષ્ટિમાં કારણરૂપ, [૪૩૪] કેવલ ભકતો જ જેના હૃદયના અભિપ્રાયને જાણે છે તેવા. ।।૯૧।।

**શાન્તિકર્તા સુહિતકૃત્ સ્ત્રીપ્રસૂઃ સર્વકામધુક્ ।**
**પુષ્ટિ-વંશ-પ્રણેતા ચ વિશ્વરૂપેષ્ટ-દેવતા ।।૯૨।।**

[૪૩૫](દક્ષના) મનની શાંતિ કરનાર, [૪૩૬]સુહિત કરનાર, [૪૩૭]સ્ત્રીઓની ઉત્પત્તિ કરનાર, (દક્ષને ત્યાં ૬૦ કન્યા(સ્ત્રી)નો જન્મ કરનાર) [૪૩૮]સર્વની કામનાઓને પૂરનાર, [૪૩૯]અનુગ્રહથી દક્ષવંશના કર્તા, [૪૪૦](ત્વષ્ટાના પુત્ર) વિશ્વરૂપના ઈષ્ટદેવતા - નારાયણરૂપ. ।।૯૨।।

**કવચાત્મા પાલનાત્મા વર્મોપચિતિ-કારણમ્ ।**
**વિશ્વરૂપ-શિરશ્છેદી ત્વાષ્ટ્ર-યજ્ઞ-વિનાશકઃ ।।૯૩।।**

[૪૪૧](ઈન્દ્રની રક્ષાને માટે) કવચરૂપ, [૪૪૨](સૌના) પાલકસ્વરૂપ, [૪૪૩]કવચના ઉપચયના કારણ, (નારાયણકવચના વિસ્તારપૂર્વક કથનમાં કારણ) [૪૪૪]વિશ્વરૂપના શિરનો છેદ કરનાર, [૪૪૫]ત્વષ્ટાના યજ્ઞનો નાશ કરનાર. ।।૯૩।।

**વૃત્રસ્વામી વૃત્રગમ્યો વૃત્ર-વ્રત-પરાયણઃ ।**
**વૃત્રકીર્તિઃ વૃત્રમોક્ષો મઘવત્-પ્રાણ-રક્ષકઃ ।।૯૪।।**

[૪૪૬]વૃત્રાસુરના સ્વામી, [૪૪૭]વૃત્રાસુરને માટે શરણસ્થાનરૂપ, [૪૪૮]વૃત્રાસુરની વ્રતપૂર્તિ માટે ગમન કરનાર, [૪૪૯]વૃત્રાસુરની પ્રસિદ્ધિમાં કારણ, [૪૫૦]વૃત્રાસુરને મોક્ષ આપનાર, [૪૫૧]ઈન્દ્રના પ્રાણ-સંરક્ષક. ।।૯૪।।

**અશ્વમેધ-હવિર્ભોક્તા દેવેન્દ્રામીવ-નાશકઃ ।**
**સંસાર-મોચકશ્ચિત્ર-કેતુ-બોધન-તત્પરઃ ।।૯૫।।**

[૪૫૨]અશ્વમેધમાં હોમેલા દ્રવ્યના ભોકતા, [૪૫૩]ઈન્દ્રની બ્રહ્મહત્યાના પાપના વિનાશક, [૪૫૪]સંસારથી મુકત કરનાર, [૪૫૫]પુત્રશોકાર્ત ચિત્રકેતુ રાજાને બોધ કરવામાં તત્પર શ્રીકૃષ્ણ. ।।૯૫।।



**મન્ત્રસિદ્ધિઃ સિદ્ધિહેતુઃ સુસિદ્ધિ-ફલ-દાયકઃ ।**
**મહાદેવ-તિરસ્કર્તા ભક્ત્યૈ પૂર્વાર્થ-નાશકઃ ।।૯૬।।**

[૪૫૬]મંત્રોની સિદ્ધિમાં કારણ, [૪૫૭]સિદ્ધિપ્રાપ્તિમાં હેતુસ્વરૂપ, [૪૫૮]સારી સિદ્ધિની પ્રાપ્તિરૂપ ફલને આપનારા, [૪૫૯](પાર્વતી સહિત) મહાદેવજીનો દુર્વચનથી તિરસ્કાર કરનારા, [૪૬૦]ભક્તિની પ્રાપ્તિ થવા માટે પૂર્વની સંપત્તિના વિનાશક. ।।૯૬।।

**દેવ-બ્રાહ્મણ-વિદ્વેષ-વૈમુખ્ય-જ્ઞાપકઃ શિવઃ ।**
**આદિત્યો દૈત્યરાજશ્ચ મહત્પતિરચિન્ત્યકૃત્ ।।૯૭।।**

[૪૬૧]દેવ અને બ્રાહ્મણો પ્રત્યેના દ્વેષથી ભગવદ્વિમુખતાના પ્રદર્શક, [૪૬૨]પરમમંગળસ્વરૂપ, [૪૬૩]આદિત્ય, [૪૬૪]દૈત્યોના સ્વામી, દૈત્યોમાં પ્રહ્લાદ સ્વરૂપે શોભતા, [૪૬૫]મહાપુરુષોના સ્વામી, [૪૬૬]આશ્ચર્યજનક કાર્યોના કર્તા. ।।૯૭।।

**મરુતાં ભેદકસ્ત્રાતા વ્રતાત્મા પુમ્પ્રસૂતિકૃત્ ।**

[૪૬૭]વાયુના ૪૯ ભેદ કરનાર, [૪૬૮](ઈન્દ્રે કાપેલા દિતિના ગર્ભનું) રક્ષણ કરનાર, [૪૬૯]પુંસવન વ્રતસ્વરૂપી, [૪૭૦]પુંસવન વ્રતથી પુત્રપ્રસૂતિને કરનાર.

# સપ્તમસ્કન્ધનામાનિ

## ઊતિલીલા

**કર્માત્મા વાસનાત્મા ચ ઊતિ-લીલા-પરાયણઃ ।।૯૮।।**

[૪૭૧]કર્મસ્વરૂપ, [૪૭૨]પૂર્વનાં કર્મોના વાસના-સ્વરૂપ, (પૂર્વ કર્મોના સંસ્કારરૂપ) [૪૭૩]ઊતિની (કર્મવાસનાની) લીલામાં પરાયણ. ।।૯૮।।

**સમદૈત્યસુરઃ સ્વાત્મા વૈષમ્યજ્ઞાનસંશ્રયઃ ।**
**દેહાદ્યુપાધિરહિતઃ સર્વજ્ઞઃ સર્વહેતુવિદ્ ।।૯૯।।**

[૪૭૪]દેવો અને દૈત્યો જેને માટે સમાન છે એવા, [૪૭૫]સર્વ સ્વભક્તોને માટે આત્મસ્વરૂપ (પોતીકા), [૪૭૬]સમ-વિષમ જ્ઞાનના આશ્રય, [૪૭૭]દેહ વગેરેની ઉપાધિથી રહિત, [૪૭૮]સર્વને જાણનાર, [૪૭૯]સર્વ હેતુઓને જાણનાર. ।।૯૯।।

**બ્રહ્મવાક્-સ્થાપન-પરઃ સ્વ-જન્માવધિ-કાર્ય-કૃત્ ।**
**સદસદ્-વાસના-હેતુઃ ત્રિસત્યો ભક્તમોચકઃ ।।૧૦૦।।**

[૪૮૦]બ્રાહ્મણોની (બ્રહ્મર્ષિ સનકાદિઓની) વાણીના સ્થાપનમાં તત્પર, [૪૮૧]પોતાના જન્મની અવધિ (અન્ત) સુધી કાર્યને કરનાર, [૪૮૨]સદ્-અસદ્ વાસનાઓના કારણરૂપ, [૪૮૩]ત્રણ અવતારોથી બ્રાહ્મણોનાં વચનના (બ્રહ્મર્ષિઓના શાપના) સત્યકર્તા, [૪૮૪]ભક્તોને વૈકુંઠના (દ્વારપાલ તરીકેના) પદથી છોડાવનાર. ।।૧૦૦।।

**હિરણ્યકશિપુ-દ્વેષી પ્રવિષ્ટાત્માઽતિ-ભીષણઃ ।**
**શાન્તિ-જ્ઞાનાદિ-હેતુશ્ચ પ્રહ્લાદોત્પત્તિ-કારણમ્ ।।૧૦૧।।**

[૪૮૫]હિરણ્યકશિપુના દ્વેષના વિષય, [૪૮૬]પોતાના આત્માને સર્વમાં પ્રવેશાવનાર, [૪૮૭]હિરણ્યકશિપુને ખૂબ ડરાવનાર, [૪૮૮]શોકની શાંતિ માટે હિરણ્યકશિપુએ કહેલ જ્ઞાનમાં કારણરૂપ, [૪૮૯]પ્રહ્લાદની ઉત્પત્તિમાં કારણરૂપ. ।।૧૦૧।।

**દૈત્ય-સિદ્ધાન્ત-સદ્વક્તા તપઃસાર ઉદારધીઃ ।**
**દૈત્ય-હેતુ-પ્રકટનો ભક્તિ-ચિહ્ન-પ્રકાશકઃ।।૧૦૨।।**

[૪૯૦]દૈત્યોના સિદ્ધાન્તને સ્થાને શુદ્ધ સિદ્ધાંતના કહેનાર, [૪૯૧](ભજનરૂપી) તપના સારરૂપ, [૪૯૨]પ્રહ્લાદની નિર્મલ બુદ્ધિના કારણરૂપ, [૪૯૩]દૈત્યના હેતુને પ્રકટ કરનાર, [૪૯૪]ભક્તિનાં લક્ષણોનો પ્રકાશ કરનાર. ।।૧૦૨।।



**સદ્દ્વેષ-હેતુઃ સદ્દ્વેષ-વાસનાત્મા નિરન્તરઃ ।**
**નૈષ્ઠુર્યસીમા પ્રહ્લાદ-વત્સલઃ સંગ-દોષ-હા ।।૧૦૩।।**

[૪૯૫]સત્ = પ્રહ્લાદમાં દૈત્યનો દ્વેષ પેદા કરવામાં કારણરૂપ, [૪૯૬]જીવને સદ્દ્વેષ (ભક્ત પ્રત્યેનો દ્વેષ) એ જ જેમની પ્રાપ્તિમાં અંતરાય છે એવા, [૪૯૭]દૈત્યોથી સર્વથા જુદા, [૪૯૮]નિર્દયતાની અવધિરૂપ, [૪૯૯]પ્રહ્લાદવત્સલ, પ્રહ્લાદ જેવા વત્સનો સ્વીકાર કરનાર, [૫૦૦]સંગદોષને હરનાર. ।।૧૦૩।।

**મહાનુભાવઃ સાકારઃ સર્વાકારઃ પ્રમાણભૂઃ ।**
**સ્તમ્ભ-પ્રસૂતિર્નૃહરિઃ નૃસિંહો ભીમવિક્રમઃ ।।૧૦૪।।**

[૫૦૧]અત્યંત પ્રભાવશાળી, [૫૦૨]સાકાર મૂર્તિમાન, [૫૦૩]સર્વસ્વરૂપવાળા, [૫૦૪]પ્રહ્લાદના વાક્યમાં પ્રમાણભૂત, [૫૦૫]સ્તંભમાંથી પ્રકટનાર, [૫૦૬]નરહરિ, મનુષ્યોના (નૃ=મનુષ્ય) ભયને હરણ કરનારા પ્રભુ, [૫૦૭]નરસિંહ, [૫૦૮]ભયંકર પરાક્રમવાળા. ।।૧૦૪।।

**વિકટાસ્યો લલજ્જિહ્વો નખશસ્ત્રો જવોત્કટઃ ।**
**હિરણ્યકશિપુચ્છેદી ક્રૂર-દૈત્ય-નિવારકઃ ।।૧૦૫।।**

[૫૦૯]વિકરાલ મુખવાળા, [૫૧૦]લળી રહેલ જિહ્વાવાળા, [૫૧૧]નખરૂપી આયુધવાળા, [૫૧૨]ઉત્કટ વેગવાળા, [૫૧૩]હિરણ્યકશિપુને ચીરી નાખનારા, [૫૧૪]ક્રૂર દૈત્યોનો નાશ કરનાર. ।।૧૦૫।।

**સિંહાસનસ્થઃ ક્રોધાત્મા લક્ષ્મી-ભય-વિવર્ધનઃ ।**
**બ્રહ્માદ્યત્યન્ત-ભયભૂઃ અપૂર્વાચિન્ત્ય-રૂપ-ધૃક્ ।।૧૦૬।।**

[૫૧૫]સિંહાસન ઉપર બિરાજતા, [૫૧૬]ક્રોધથી પરિપૂર્ણ, [૫૧૭]લક્ષ્મીજીના ભયને વધારનાર, [૫૧૮]બ્રહ્મા વગેરેને અત્યંત ભય પેદા કરનાર, [૫૧૯]અપૂર્વ-આશ્ચર્યજનક રૂપ ધરનાર (પહેલાં ન થયેલ, બુદ્ધિથી વિચારી ન શકાય તેવું નૃસિંહ રૂપ ધરનાર). ।।૧૦૬।।

**ભક્તૈક-શાન્ત-હૃદયો ભક્તસ્તુત્યઃ સ્તુતિપ્રિયઃ ।**
**ભક્તાંગ-લેહનોદ્ધૂત-ક્રોધ-પુઞ્જઃ પ્રશાન્તધીઃ ।।૧૦૭।।**

[૫૨૦]કેવળ ભક્તને માટે જ શાંત હૃદયવાળા, [૫૨૧]ભક્તો દ્વારા સ્તવન કરવા યોગ્ય, [૫૨૨]સ્તુતિપ્રિય, [૫૨૩]ભક્ત પ્રહ્લાદના અંગને ચાટવાથી દૂર થયેલા ક્રોધ-પુંજવાળા, [૫૨૪]શાંત બુદ્ધિવાળા, પ્રહ્લાદની પ્રશાંત બુદ્ધિસ્વરૂપ. ।।૧૦૭।।

**સ્મૃતિ-માત્ર-ભય-ત્રાતા બ્રહ્મ-બુદ્ધિ-પ્રદાયકઃ ।**
**ગોરૂપ-ધાર્યમૃત-પાઃ શિવ-કીર્તિ-વિવર્ધનઃ ।।૧૦૮।।**

[૫૨૫]સ્મરણમાત્રથી સંકટ હરનાર, [૫૨૬]બ્રહ્માજીને બુદ્ધિનું દાન કરનાર, [૫૨૭](ત્રિપુરાસુરવધ વખતે શિવના વિજય માટે) ગાયના સ્વરૂપને ધરનાર, [૫૨૮]અમૃતનું પાન કરનારા, [૫૨૯]શિવજીની કીર્તિને વધારનાર. ।।૧૦૮।।

**ધર્માત્મા સર્વકર્માત્મા વિશેષાત્માઽઽશ્રમપ્રભુઃ ।**
**સંસાર-મગ્ન-સ્વોદ્ધર્તા સન્માર્ગાખિલ-તત્ત્વ-વાક્ ।।૧૦૯।।**

[૫૩૦]ધર્મસ્વરૂપ, [૫૩૧]સર્વ વર્ણોના કર્મના બોધકસ્વરૂપ, [૫૩૨]વિશિષ્ટ ધર્મસ્વરૂપ, [૫૩૩]ચારે આશ્રમોના સ્વામી, [૫૩૪]સંસારમાં મગ્ન ભક્તોનો ઉદ્ધાર કરનારા, [૫૩૫]સન્માર્ગની અખિલ તત્ત્વવાણીસ્વરૂપ. ।।૧૦૯।।



**આચારાત્મા સદાચારઃ ... ... ... ... ...**

[૫૩૬]આચાર-જ્ઞાનસ્વરૂપ, [૫૩૭]સદાચારસ્વરૂપ, ભક્તોના આચાર (ભક્તિ) સ્વરૂપ.

# અષ્ટમસ્કન્ધનામાનિ

## મન્વંતર લીલા

**... ... ... ... ... મન્વન્તર-વિભાવનઃ ।**
**સ્મૃત્યાઽશેષાશુભ-હરો ગજેન્દ્ર-સ્મૃતિ-કારણમ્ ।।૧૧૦।।**

[૫૩૮](સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત, ચાક્ષુષ એ છ પસાર થયેલા અને (વર્તમાન) શ્રાદ્ધદેવ તથા (ભવિષ્યના) સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, દેવસાવર્ણિ, ઈન્દ્રસાવર્ણિ એમ કુલ ચૌદ) મન્વંતરોના કરનાર, [૫૩૯]સ્મરણમાત્રથી સર્વ અશુભના હર્તા, (સ્મરણમાત્રથી ગ્રાહગ્રસ્ત ગજેન્દ્રનાં સંપૂર્ણ પાપ હરનાર), [૫૪૦]ગજેન્દ્રની પ્રભુને શરણે જવાની સ્મૃતિમાં હેતુરૂપ પ્રભુ. ।।૧૧૦।।

**જાતિ-સ્મરણ-હેત્વૈક-પૂજા-ભક્તિ-સ્વરૂપ-દઃ ।**
**યજ્ઞો ભયાન્ મનુત્રાતા વિભુર્બ્રહ્મ-વ્રતાશ્રયઃ ।।૧૧૧।।**

[૫૪૧]પૂર્વજાતિના સ્મરણમાં (પૂર્વજન્મમાં ગજેન્દ્ર પોતે ઈન્દ્રદ્યુમ્ન રાજા હતો તેવી સ્મૃતિમાં) કારણભૂત એકમાત્ર પ્રભુની પૂજા અને ભક્તિ દ્વારા સ્વરૂપનું દર્શન કરાવનાર, [૫૪૨]યજ્ઞસ્વરૂપ, [૫૪૩]ભયથી મનુના સંરક્ષક, [૫૪૪]સર્વસમર્થ ઈશ્વર, (બીજા મન્વન્તરમાં અવતરેલા ભગવાન વિભુ), [૫૪૫]બ્રહ્મ એટલે વેદ જેમનું વ્રત છે તેવા બ્રહ્મચારીઓના આશ્રયરૂપ. ।।૧૧૧।।

**સત્યસેનો દુષ્ટઘાતી હરિર્ગજ-વિમોચકઃ ।**
**વૈકુણ્ઠો લોકકર્તા ચ અજિતોઽમૃત-કારણમ્ ।।૧૧૨।।**

[૫૪૬]સત્યવાદીઓની સેનાવાળા, (ત્રીજા મન્વન્તરમાં અવતરેલા સત્યપરાયણ પરિકરવાળા ભગવાન સત્યસેન), [૫૪૭]દુષ્ટોનો વધ કરનાર, [૫૪૮]હરિ, (ચોથા મન્વન્તરમાં અવતરેલા સ્મરણથી ક્લેશને હરનાર હરિ), ક્લેશને હરનાર, [૫૪૯]ગજેન્દ્રને છોડાવનાર, [૫૫૦] પાંચમા મન્વન્તરમાં અવતરેલા વિકુંઠાના પુત્ર-વૈકુંઠ, [૫૫૧]વૈકુંઠલોકના કર્તા, [૫૫૨]અજિત - અજેય, (છઠ્ઠા મન્વન્તરમાં અવતરેલા ભગવાન કોઈથી ન જીતાયેલા), [૫૫૩]અમૃતની ઉત્પત્તિમાં કારણરૂપ. ।।૧૧૨।।

**ઉરુક્રમો ભૂમિહર્તા સાર્વભૌમો બલિપ્રિયઃ ।**
**વિભુઃ સર્વહિતૈકાત્મા વિષ્વક્સેનઃ શિવપ્રિયઃ ।।૧૧૩।।**

[૫૫૪]ઉરુક્રમ વામન, (સાતમા મન્વન્તરમાં અવતરેલા) વિસ્તીર્ણ ક્રમણવાળા ભગવાન ઉરુક્રમ-વામનજી), [૫૫૫]બલિરાજા પાસેથી પૃથ્વીને હરનાર, [૫૫૬]આઠમા મન્વન્તરમાં અવતરનાર સર્વના અધિપતિ (સાર્વભૌમ) ભગવાન, [૫૫૭](હવેના મન્વન્તરમાં) બલિરાજાને ઈન્દ્ર તરીકેનું રાજ્ય દઈ પ્રિય કરનાર, [૫૫૮]વિભુ, (નવમા મન્વન્તરમાં અવતરનાર (ઋષભ)) વિભુ-વ્યાપક, [૫૫૯](દશમા મન્વન્તરમાં અવતરનાર) સર્વ પ્રાણીના હિતમાં ચિત્તવાળા, [૫૬૦]દશમા મન્વન્તરમાં અવતરનાર સર્વત્ર વ્યાપક સેનાવાળા ભગવાન વિષ્વક્સેન, [૫૬૧]શિવજીને પ્રિય. ।।૧૧૩।।



**ધર્મસેતુર્લોકધૃતિઃ સુધામાન્તર-પાલકઃ ।**
**ઉપહર્તા યોગપતિર્બૃહદ્ભાનુઃ ક્રિયાપતિઃ ।।૧૧૪।।**

[૫૬૨](અગિયારમા મન્વન્તરમાં અવતરનાર) ધર્મમર્યાદાના સ્થાપક ભગવાન ધર્મસેતુ, [૫૬૩]ત્રણે લોકને ધારણ કરનાર, [૫૬૪]'સુધામા'નામના બારમા મન્વન્તરના પાલક, [૫૬૫](તેરમા મન્વન્તરમાં અવતરનાર) સર્વને સુખ આપનાર ઉપહર્તા ભગવાન યોગપતિ, [૫૬૬]ચૌદમા મન્વન્તરમાં અવતરનાર વિસ્તૃત કિરણોવાળા ભગવાન બૃહદ્ભાનુ, [૫૬૭]યજ્ઞક્રિયાના સ્વામી. ।।૧૧૪।।

**ચતુર્દશ-પ્રમાણાત્મા ધર્મો મન્વાદિ-બોધકઃ ।**
**લક્ષ્મી-ભોગૈક-નિલયો દેવ-મન્ત્ર-પ્રદાયકઃ ।।૧૧૫।।**

[૫૬૮]પ્રમાણ (ધર્મશાસન) પ્રવર્તાવનાર ચૌદ મનુઓ રૂપે અવતરનાર [૫૬૯]ધર્મસ્વરૂપ, [૫૭૦]મનુ વગેરેના માહાત્મ્યના પ્રદર્શક, [૫૭૧]લક્ષ્મીના ભોગના એકમાત્ર સ્થાનરૂપ, [૫૭૨]દેવોને અમૃત ઉત્પન્ન કરવામાં સલાહ આપનાર. ।।૧૧૫।।

**દૈત્ય-વ્યામોહકઃ સાક્ષાદ્-ગરુડ-સ્કન્ધ-સંશ્રયઃ ।**
**લીલા-મન્દર-ધારી ચ દૈત્ય-વાસુકિ-પૂજિતઃ ।।૧૧૬।।**

[૫૭૩]દૈત્યોને મોહ પેદા કરનાર, [૫૭૪]સાક્ષાદ્ ગરુડના સ્કંધ ઉપર બિરાજનાર, [૫૭૫]લીલાથી મંદરાચળને ધરનાર, [૫૭૬]દૈત્યોના સામર્થ્યને દૂર કરવા માટે વાસુકિની પૂજા (સત્કાર) કરનાર. ।।૧૧૬।।

**સમુદ્રોન્મથનાયત્તોઽવિઘ્ન-કર્તા સ્વવાક્યકૃત્ ।**
**આદિકૂર્મઃ પવિત્રાત્મા મન્દરાઘર્ષણોત્સુકઃ ।।૧૧૭।।**

[૫૭૭]સમુદ્રનું મથન કરવામાં તત્પર, [૫૭૮]વિઘ્નને હણનાર, [૫૭૯]પોતાનાં વાક્યોને યથાર્થ કરનાર, [૫૮૦]આદિકૂર્મનું રૂપ ધરનારા, [૫૮૧]પવિત્ર દેહધારી (કૂર્મપ્રભુ), [૫૮૨]મંદરપર્વતથી થતા ઘર્ષણને ઉત્સાહથી ધારણ કરવામાં ઉત્સુક. ।।૧૧૭।।

**શ્વાસૈજદબ્ધિ-વાર્વીચિઃ કલ્પાન્તાવધિ-કાર્યકૃત્ ।**
**ચતુર્દશ-મહા-રત્નો લક્ષ્મી-સૌભાગ્ય-વર્ધનઃ ।।૧૧૮।।**

[૫૮૩]શ્વાસોથી ચલિત થતા સમુદ્રજલમાં તરંગોને પેદા કરનાર, [૫૮૪]કલ્પના અંત સુધી કાર્ય કરનાર, [૫૮૫]ચૌદ મહારત્નોને પ્રકટ કરનાર (લક્ષ્મી, કૌસ્તુભમણિ, પારિજાતક, સુરા (મદિરા), ધન્વંતરિ (દેવોના વૈદ્ય), ચંદ્રમા, કામધેનુ ગાય, ઇંદ્રનો ઐરાવત હાથી, રંભા વગેરે અપ્સરાઓ, ઉચ્ચૈઃશ્રવા નામનો ઇંદ્રનો સાત મુખવાળો અશ્વ, હળાહળ ઝેર, શાર્ઙ્ગ (વિષ્ણુનું ધનુષ્ય), પાંચજન્ય (કૃષ્ણનો શંખ) તથા અમૃત-એ મહાસાગરનાં ચૌદ રત્નો), [૫૮૬]લક્ષ્મીજીનું સૌભાગ્ય વધારનાર. ।।૧૧૮।।

**ધન્વન્તરિઃ સુધાહસ્તો યજ્ઞ-ભોક્તાર્તિ-નાશનઃ ।**
**આયુર્વેદ-પ્રણેતા ચ દેવદૈત્યાખિલાર્ચિતઃ ।।૧૧૯।।**

[૫૮૭]ધન્વંતરિરૂપ પ્રભુ, [૫૮૮]હસ્તમાં અમૃતકળશને ધરનાર, [૫૮૯]યજ્ઞના ભોક્તા, [૫૯૦]આર્તિ, માનસી પીડાના વિનાશક; [૫૯૧]આયુર્વેદના રચનાર, [૫૯૨]સર્વ દેવ-દૈત્યોથી પૂજાયેલા. ।।૧૧૯।।

**બુદ્ધિ-વ્યામોહકો દેવ-કાર્ય-સાધન-તત્પરઃ ।**
**સ્ત્રીરૂપો માયયા વક્તા દૈત્યાન્તઃકરણપ્રિયઃ ।।૧૨૦।।**

[૫૯૩]દૈત્યોની બુદ્ધિમાં મોહ પેદા કરનાર, [૫૯૪]દેવોને અમૃતપાન કરાવવારૂપ કાર્યને સાધવામાં તત્પર, [૫૯૫]મોહિનીરૂપ પ્રભુ, [૫૯૬] મોહિનીરૂપી માયાસ્વરૂપથી બોલનાર, [૫૯૭]દૈત્યોના અંતઃકરણમાં (મોહિનીરૂપે) પ્રિય ભાસનાર. ।।૧૨૦।।



**પાયિતામૃત-દેવાંશો યુદ્ધ-હેતુ-સ્મૃતિ-પ્રદઃ ।**
**સુમાલિ-માલિવધ-કૃન્માલ્યવત્-પ્રાણ-હારકઃ ।।૧૨૧।।**

[૫૯૮]અમૃતરૂપ દેવાંશનું દેવોને પાન કરાવનાર, [૫૯૯]દેવ-દાનવના યુદ્ધના હેતુરૂપ (દાનવોને પોતે છેતરાયા છે એવી) સ્મૃતિ આપનાર, [૬૦૦]સુમાલી અને માલી નામના દૈત્યના વિનાશક, [૬૦૧]માલ્યવાનના પ્રાણના હરનાર. ।।૧૨૧।।

**કાલનેમિ-શિરશ્છેદી દૈત્ય-યજ્ઞ-વિનાશકઃ ।**
**ઈન્દ્ર-સામર્થ્ય-દાતા ચ દૈત્ય-શેષ-સ્થિતિ-પ્રિયઃ ।।૧૨૨।।**

[૬૦૨]કાલનેમિના મસ્તકને છેદનારા, [૬૦૩]દૈત્ય-બલિના યજ્ઞનો વિનાશ કરનાર, [૬૦૪]ઈન્દ્રને દૈત્યવિનાશ માટે શક્તિ આપનાર, [૬૦૫](યુદ્ધમાં) બચેલા દૈત્યોની સ્થિતિ (ક્ષેમ-કુશળતા) જેમને પ્રિય છે એવા દયાળુ ભગવાન. ।।૧૨૨।।

**શિવ-વ્યામોહકો માયી ભૃગુ-મન્ત્ર-સ્વશક્તિદઃ ।**
**બલિ-જીવન-કર્તા ચ સ્વર્ગહેતુર્વ્રતાર્ચિતઃ ।।૧૨૩।।**

[૬૦૬]મોહિનીરૂપે શંકરને વ્યામોહ પેદા કરનાર, [૬૦૭]માયાવી, માયારૂપી દાસીવાળા, [૬૦૮]ભૃગુને સંજીવની મંત્રમાં પોતાની શક્તિ આપનાર, [૬૦૯]બલિરાજાને જીવન આપનાર, [૬૧૦]સ્વર્ગના કારણરૂપ, [૬૧૧]પયોવ્રત વડે આરાધન કરાયેલા. ।।૧૨૩।।

**અદિત્યાનન્દ-કર્તા ચ કશ્યપાદિતિ-સમ્ભવઃ ।**
**ઉપેન્દ્ર ઈન્દ્રાવરજો વામન-બ્રહ્મરૂપ-ધૃક્ ।।૧૨૪।।**

[૬૧૨]પોતે પુત્રરૂપ બનીને અદિતિ માતાને આનંદ આપનાર, [૬૧૩]કશ્યપ અને અદિતિના નિમિત્તથી પ્રકટનાર, [૬૧૪]ઈન્દ્રના નાના ભાઈ, [૬૧૫]ઈન્દ્રના પછી ઉત્પન્ન થનાર, [૬૧૬]વામન બ્રાહ્મણબટુસ્વરૂપ ધરનાર. ।।૧૨૪।।

**બ્રહ્માદિ-સેવિત-વપુર્યજ્ઞ-પાવન-તત્પરઃ ।**
**યાચ્ઞોપદેશ-કર્તા ચ જ્ઞાપિતાશેષ-સંસ્થિતિઃ ।।૧૨૫।।**

[૬૧૭]બ્રહ્મા વગેરે દેવો દ્વારા જેમના દેહનો આશ્રય લેવામાં આવે છે એવા, [૬૧૮]બલિરાજાના યજ્ઞને પવિત્ર કરવામાં તત્પર, [૬૧૯]યાચનારૂપે દેવોને સ્વર્ગ પાછું આપી દેવા માટે બલિને ઉપદેશ કરનાર, [૬૨૦]પ્રાકટ્યથી સંપૂર્ણ કર્મોની સ્થિતિ (સંપૂર્ણતા) બતાવનાર. ।।૧૨૫।।

**સત્યાર્થ-પ્રેરકઃ સર્વ-હર્તા ગર્વ-વિનાશકઃ ।**
**ત્રિવિક્રમઃ ત્રિલોકાત્મા વિશ્વમૂર્તિઃ પૃથુશ્રવાઃ ।।૧૨૬।।**

[૬૨૧]બલિરાજાના સત્યસંકલ્પ અર્થને પ્રેરનાર, [૬૨૨] ત્રણ પગલાંના બહાને સર્વસ્વના હર્તા, [૬૨૩]ગર્વના વિનાશક, [૬૨૪]ત્રણ પગલાં ભરનાર વામન પ્રભુ, [૬૨૫]ત્રણ લોકમાં વ્યાપી પ્રભુ, [૬૨૬]વિશ્વમાં વ્યાપક સ્વરૂપવાળા-વિરાટ મૂર્તિ, [૬૨૭]વિસ્તીર્ણ યશવાળા. ।।૧૨૬।।

**પાશ-બદ્ધ-બલિઃ સર્વ-દૈત્ય-પક્ષોપમર્દકઃ ।**
**સુતલ-સ્થાપિત-બલિઃ સ્વર્ગાધિક-સુખ-પ્રદઃ ।।૧૨૭।।**

[૬૨૮]પાશથી બલિને બાંધનાર, [૬૨૯]સર્વ દૈત્યોના પક્ષનું મર્દન કરનાર, [૬૩૦]'સુતલ'નામના ત્રીજા તલમાં બલિને સ્થાપનાર, [૬૩૧]સુતલમાં બલિને સ્વર્ગથી અધિક સુખ આપનાર. ।।૧૨૭।।



**કર્મ-સમ્પૂર્તિ-કર્તા ચ સ્વર્ગ-સંસ્થાપિતામરઃ ।**
**જ્ઞાત-ત્રિવિધ-ધર્માત્મા મહા-મીનોઽબ્ધિ-સંશ્રયઃ ।।૧૨૮।।**

[૬૩૨]હાથ ધરેલ કર્મની પરિપૂર્તિ કરનાર, [૬૩૩]સ્વર્ગમાં દેવોનું ફરીથી સ્થાપન કરનાર, [૬૩૪]સાત્ત્વિક, રાજસિક અને તામસિક એ ત્રણેય પ્રકારના ઉપાસકોને (પોતપોતાની કોટિ અનુસાર) ઉપાસ્યરૂપે જેમનું સ્વરૂપ ઓળખાય છે એવા, [૬૩૫]મહાન મત્સ્યાવતારધારી, [૬૩૬](પ્રલયકાલીન) સમુદ્રમાં નિવાસ કરનાર. ।।૧૨૮।।

**સત્યવ્રત-પ્રિયો ગોપ્તા મત્સ્ય-મૂર્તિ-ધૃત-શ્રુતિઃ ।**
**શૃંગ-બદ્ધ-ધૃત-ક્ષોણિઃ સર્વાર્થ-જ્ઞાપકો ગુરુઃ ।।૧૨૯।।**

[૬૩૭]સત્યવ્રત રાજાના પ્રિય, [૬૩૮]સપ્તર્ષિ વગેરેના રક્ષક, [૬૩૯]મત્સ્યમૂર્તિ ધરીને (હયગ્રીવ અસુરનો વધ કરીને લાવેલ) શ્રુતિઓને ધારણ કરનાર, [૬૪૦]ડૂબતી ધરણીને શીંગડાં ઉપર ધારણ કરનાર, [૬૪૧]ધર્મ, અર્થ વગેરે સર્વ અર્થોના જ્ઞાપક, (સર્વ પુરુષાર્થોને મત્સ્ય-પુરાણ દ્વારા સત્યવ્રતને જણાવનાર), [૬૪૨]સર્વના ગુરુસ્વરૂપ. ।।૧૨૯।।

## નવમસ્કન્ધનામાનિ
### ઈશાનુકથાલીલા

**ઈશ-સેવક-લીલાત્મા સૂર્ય-વંશ-પ્રવર્તકઃ ।**
**સોમ-વંશોદ્ભવ-કરો મનુ-પુત્ર-ગતિ-પ્રદઃ ।।૧૩૦।।**

[૬૪૩]સ્વામી અને સેવક વિષયક લીલામાં ચિત્ત ધરનારા, [૬૪૪]સૂર્યવંશના પ્રવર્તક, [૬૪૫]ચંદ્રવંશની ઉત્પત્તિ કરનારા, [૬૪૬]મનુપુત્ર પૃષધ્રને સદ્ગતિ આપનાર. ।।૧૩૦।।

**અમ્બરીષ-પ્રિયઃ સાધુર્દુર્વાસો-ગર્વ-નાશકઃ ।**
**બ્રહ્મ-શાપોપસંહર્તા ભક્ત-કીર્તિ-વિવર્ધનઃ ।।૧૩૧।।**

[૬૪૭]અંબરીષ રાજાના પ્રિય, [૬૪૮]સાધુ, (સર્વ પ્રકારે ભક્તોના કાર્ય સાધનાર), [૬૪૯]દુર્વાસાના ગર્વના વિનાશક, [૬૫૦]બ્રાહ્મણ દુર્વાસાના શાપનું તત્કાળ નિવારણ કરનાર, [૬૫૧]ભક્તોની કીર્તિને વધારનાર. ।।૧૩૧।।

**ઈક્ષ્વાકુ-વંશ-જનકઃ સગરાદ્યખિલાર્થદઃ ।**
**ભગીરથ-મહાયત્નો ગંગા-ધૌતાંઘ્રિ-પંકજઃ ।।૧૩૨।।**

[૬૫૨]ઈક્ષ્વાકુ રાજાના વંશના જનક, [૬૫૩]સગર વગેરે રાજાઓને સંપૂર્ણ પુરુષાર્થો દેનાર, [૬૫૪]ભગીરથ રાજાનો ગંગાવતરણરૂપી મહાન પ્રયત્ન જેમના લીધે સફળ થયો એવા, [૬૫૫]ગંગાજી દ્વારા પ્રક્ષાલિત ચરણકમળવાળા. ।।૧૩૨।।

**બ્રહ્મસ્વામી શિવસ્વામી સગરાત્મજ-મુક્તિદઃ ।**
**ખટ્વાંગ-મોક્ષ-હેતુશ્ચ રઘુવંશ-વિવર્ધનઃ ।।૧૩૩।।**

[૬૫૬]બ્રહ્મનિષ્ઠ મુનિઓના સ્વામી, [૬૫૭]શિવજીના સ્વામી, [૬૫૮]સગર રાજાના ૬૦,૦૦૦ પુત્રોને મુક્તિ આપનાર, [૬૫૯]ખટ્વાંગ રાજાના મોક્ષમાં કારણરૂપ, [૬૬૦]રઘુવંશની વિશેષ વૃદ્ધિ કરનાર. ।।૧૩૩।।

**રઘુનાથો રામચન્દ્રો રામભદ્રો રઘુપ્રિયઃ ।**
**અનન્તકીર્તિઃ પુણ્યાત્મા પુણ્યશ્લોકૈક-ભાસ્કરઃ ।।૧૩૪।।**

[૬૬૧]રઘુકુલના સ્વામી, [૬૬૨]રામચંદ્ર, [૬૬૩]રમણીય મંગલરૂપ રામભદ્ર, [૬૬૪]રઘુવંશના પ્રિય, [૬૬૫]અનંત યશવાળા, [૬૬૬]પુણ્યજનોના પ્રાણરૂપ, [૬૬૭]પવિત્ર યશવાળા પ્રકાશમાન એકમાત્ર સૂર્ય જેવા પ્રભુ રામ, ઉત્તમ કીર્તિવાળા સજ્જનોને માટે એકમાત્ર પ્રકાશ-પ્રદાયક. ।।૧૩૪।।



**કોશલેન્દ્રઃ પ્રમાણાત્મા સેવ્યો દશરથાત્મજઃ ।**
**લક્ષ્મણો ભરતશ્ચૈવ શત્રુઘ્નો વ્યૂહવિગ્રહઃ ।।૧૩૫।।**

[૬૬૮]ઉત્તર કોશલ દેશના સ્વામી, [૬૬૯]પરમ પ્રમાણ વેદોમાં જેમનું ચિત્ત છે એવા, વેદ વગેરે પ્રમાણોમાં સારરૂપ, [૬૭૦]સેવા કરવા યોગ્ય, [૬૭૧]દશરથ રાજાના પુત્ર, [૬૭૨]લક્ષ્મણજી (પાપોના દૂર કનારા સંકર્ષણ વ્યૂહ રૂપ), [૬૭૩]ભરતજી (સર્વનું ભરણ-પોષણ કરનાર), [૬૭૪]શત્રુઘ્નજી (શત્રુઓને હણનાર), [૬૭૫]વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અનિરુદ્ધ એ ચાર વ્યૂહસ્વરૂપી પ્રભુ. ।।૧૩૫।।

**વિશ્વામિત્ર-પ્રિયો દાન્તસ્તાડકા-વધ-મોક્ષદઃ ।**
**વાયવ્યાસ્ત્રાબ્ધિ-નિક્ષિપ્ત-મારીચશ્ચ સુબાહુ-હા ।।૧૩૬।।**

[૬૭૬]વિશ્વામિત્ર ઋષિના પ્રિય, [૬૭૭]રાવણ વગેરે રાક્ષસોનું દમન કરનાર, [૬૭૮]તાડકાનો વધ કરીને મોક્ષ આપનાર, [૬૭૯]વાયવ્ય અસ્ત્રથી મારીચને સમુદ્રમાં ફેંકનાર, [૬૮૦]સુબાહુને મારનાર. ।।૧૩૬।।

**વૃષધ્વજ-ધનુર્ભંગ-પ્રાપ્ત-સીતા-મહોત્સવઃ ।**
**સીતાપતિર્ભૃગુપતિ-ગર્વ-પર્વત-નાશકઃ ।।૧૩૭।।**

[૬૮૧]મહાદેવજીના ધનુષનો ભંગ કરી સીતાજીની પ્રાપ્તિરૂપ મહોત્સવને મેળવનાર, [૬૮૨]સીતાજીના સ્વામી, [૬૮૩]પરશુરામના અભિમાનરૂપી પર્વતના વિનાશક. ।।૧૩૭।।

**અયોધ્યાસ્થ-મહાભોગ-યુક્ત-લક્ષ્મી-વિનોદવાન્ ।**
**કૈકેયી-વાક્ય-કર્તા ચ પિતૃવાક્-પરિપાલકઃ ।।૧૩૮।।**

[૬૮૪]અયોધ્યા નગરીમાં રહેલ મહાન રાજવૈભવની સાથે લક્ષ્મીજીના (સીતાજીના) વિનોદ(ક્રીડા)ને માણનારા, [૬૮૫]કૈકેયીના વચનનું પાલન કરનાર, [૬૮૬]પિતાની વાણીનું પરિપાલન કરનાર શ્રીરામચંદ્રજી. ।।૧૩૮।।

**વૈરાગ્ય-બોધકોઽનન્ય-સાત્ત્વિક-સ્થાન-બોધકઃ ।**
**અહલ્યા-દુઃખ-હારી ચ ગુહસ્વામી સલક્ષ્મણઃ ।।૧૩૯।।**

[૬૮૭]વૈરાગ્યનો બોધ આપનાર, [૬૮૮]નિર્જન-સાત્ત્વિક સ્થાન (વનવાસ)ના બોધક, [૬૮૯]અહલ્યાના શાપ-દુઃખને હરનાર, [૬૯૦]ગુહ રાજાના સ્વામી, [૬૯૧]લક્ષ્મણજી સહિત રહેનાર શ્રીરામચંદ્રજી. ।।૧૩૯।।

**ચિત્રકૂટ-પ્રિય-સ્થાનો દણ્ડકારણ્ય-પાવનઃ ।**
**શરભંગ-સુતીક્ષ્ણાદિ-પૂજિતોઽગસ્ત્ય-ભાગ્ય-ભૂઃ ।।૧૪૦।।**

[૬૯૨]ચિત્રકૂટ પર્વત જેમને માટે પ્રિય સ્થાન છે એવા, [૬૯૩]દંડકારણ્યને પવિત્ર કરનાર, [૬૯૪]શરભંગ અને સુતીક્ષ્ણ આદિ મુનિઓથી પૂજાયેલ, [૬૯૫]અગસ્ત્યના સદ્ભાગ્યના હેતુરૂપ શ્રીરામ. ।।૧૪૦।।

**ઋષિ-સમ્પ્રાર્થિત-કૃતિર્વિરાધ-વધ-પંડિતઃ ।**
**છિન્ન-શૂર્પણખા-નાસઃ ખર-દૂષણ-ઘાતકઃ ।।૧૪૧।।**

[૬૯૬](રાક્ષસવધ રૂપી) કાર્ય સંપન્ન કરવા માટે ઋષિઓ દ્વારા પ્રાર્થિત પ્રભુ, [૬૯૭]વિરાધનો વધ કરવામાં હોશિયાર, [૬૯૮]શૂર્પણખાના નાકને છેદનાર (છેદાવનાર), [૬૯૯]ખર અને દૂષણનો વિનાશ કરનાર શ્રીરામ. ।।૧૪૧।।

**એક-બાણ-હતાનેક-સહસ્ર-બલ-રાક્ષસઃ ।**
**મારીચ-ઘાતી નિયત-સીતા-સમ્બન્ધ-શોભિતઃ ।।૧૪૨।।**

[૭૦૦]એક બાણથી હજારો યોદ્ધા જેવું બળ ધરાવનાર અનેક રાક્ષસોને હણનાર, [૭૦૧]મારીચને મારનાર, [૭૦૨]સીતાજી પ્રત્યેના નિયત (અવિચલ) સંબંધથી શોભતા શ્રીરામ. ।।૧૪૨।।



**સીતા-વિયોગ-નાટ્યશ્ચ જટાયુર્વધ-મોક્ષદઃ ।**
**શબરી-પૂજિતો ભકત-હનુમત્-પ્રમુખાવૃતઃ ।।૧૪૩।।**

[૭૦૩]સીતાજીનો વિયોગ થયો એવું નાટક-લીલા કરનારા શ્રીરામ, [૭૦૪]જટાયુ ગીધને વધથી મોક્ષ આપનાર, [૭૦૫]શબરીથી સત્કારાયેલા, [૭૦૬]હનુમાન વિભીષણ આદિ ભકતોથી વીંટાળાયેલા શ્રીરામ. ।।૧૪૩।।

**દુન્દુભ્યસ્થિ-પ્રહરણઃ સપ્ત-તાલ-વિભેદનઃ ।**
**સુગ્રીવ-રાજ્ય-દો વાલિ-ઘાતી સાગર-શોષણઃ ।।૧૪૪।।**

[૭૦૭]'દુંદુભિ' દાનવનાં હાડકાંને પગના અંગૂઠાથી ફેંકી દેનાર, [૭૦૮]સાત તાડોને એક બાણથી વેધનાર, [૭૦૯]સુગ્રીવને રાજ્ય આપનાર, [૭૧૦]વાનર વાલીનો વધ કરનાર, [૭૧૧]સાગરને શોષનાર શ્રીરામ. ।।૧૪૪।।

**સેતુબન્ધન-કર્તા ચ વિભીષણ-હિત-પ્રદઃ ।**
**રાવણાદિ-શિરચ્છેદી રાક્ષસાદ્યૌઘ-નાશકઃ ।।૧૪૫।।**

[૭૧૨]સમુદ્રમાં સેતુ બાંધનાર, [૭૧૩]વિભીષણને હિત-ભક્તિ આપનારા, [૭૧૪]રાવણ, કુંભકર્ણ વગેરેનાં શિરોને છેદનાર, [૭૧૫]રાક્ષસો રૂપી પાપસમુદાયના વિનાશક શ્રીરામ. ।।૧૪૫।।

**સીતાભય-પ્રદાતા ચ પુષ્પકાગમનોત્સુકઃ ।**
**અયોધ્યા-પતિરત્યન્ત-સર્વ-લોક-સુખ-પ્રદઃ ।।૧૪૬।।**

[૭૧૬]સીતાજીને અભય દાન આપનાર, [૭૧૭]પુષ્પક વિમાન દ્વારા અયોધ્યામાં આવવા ઉત્સુક, [૭૧૮]અયોધ્યા નગરીના સ્વામી, [૭૧૯]સર્વ લોકોને અતિશય સુખ આપનાર શ્રીરામ. ।।૧૪૬।।

**મથુરા-પુર-નિર્માતા સુકૃતજ્ઞ-સ્વરૂપદઃ ।**
**જનક-જ્ઞાન-ગમ્યશ્ચ ઐલાન્ત-પ્રકટ-શ્રુતિઃ ।।૧૪૭।।**

[૩૨૦]બાણાસુરને મારીને મથુરાનગરીનું શત્રુઘ્ન દ્વારા નિર્માણ કરાવનારા, [૩૨૧]પુણ્યાત્માઓને સ્વરૂપનું દાન કરનાર, [૩૨૨]પ્રજાના પાલક પિતા તરીકે જ્ઞાનને પેદા કરનાર, [૩૨૩]પાતાલ પર્યંત વિસ્તૃત કીર્તિવાળા. ।।૧૪૭।।

**હૈહયાન્ત-કરો રામો દુષ્ટ-ક્ષત્ર-વિનાશકઃ ।**
**સોમ-વંશ-હિતૈકાત્મા યદુ-વંશ-વિવર્ધનઃ ।।૧૪૮।।**

[૩૨૪]હૈહયવંશના 'કાર્તવીર્ય' એટલે સહસ્રાર્જુનનો પરશુરામ સ્વરૂપે નાશ કરનારા, [૩૨૫]શ્રીપરશુરામસ્વરૂપ પ્રભુ, [૩૨૬]દુષ્ટ ક્ષત્રિયોનો વિનાશ કરનારા શ્રીપરશુરામ, [૩૨૭]સોમવંશનું હિત કરવામાં ચિત્તવાળા, [૩૨૮]યદુવંશની વૃદ્ધિ કરનારા શ્રીકૃષ્ણ. ।।૧૪૮।।

# દશમસ્કન્ધપૂર્વાર્ધનામાનિ
## નિરોધલીલા

**પરબ્રહ્માવતરણઃ કેશવઃ ક્લેશ-નાશનઃ ।**
**ભૂમિ-ભારાવતરણો ભક્તાર્થાખિલ-માનસઃ ।।૧૪૯।।**

[૩૨૯]પરબ્રહ્મ પૂર્ણબ્રહ્મ સ્વરૂપે અવતરેલ શ્રીકૃષ્ણ-વાસુદેવ, [૩૩૦]સુંદર કેશવાળા, બ્રહ્માજી અને શંકરના સુખના કારણરૂપ, [૩૩૧]ક્લેશને હણનાર, [૩૩૨]ભૂમિના ભારને હરવા અવતરેલા, [૩૩૩]ભક્તોના અર્થમાં (મનોરથોની સંપૂર્તિમાં) સંપૂર્ણ મનવાળા. ।।૧૪૯।।



**સર્વ-ભક્ત-નિરોધાત્મા લીલાનન્ત-નિરોધ-કૃત્ ।**
**ભૂમિષ્ઠ-પરમાનન્દો દેવકી-શુદ્ધિ-કારણમ્ ।।૧૫૦।।**

[૩૩૪]સર્વ ભક્તોના ચિત્તના નિરોધમાં (પ્રભુમાં આસક્તિ અને પ્રપંચની વિસ્મૃતિમાં) રમણ કરનારા, [૩૩૫]અગણિત લીલાઓ દ્વારા પ્રપંચને ભુલાવી રમણ કરનાર, [૩૩૬]ભૂતલવાસી ભક્તોને અપરિમિત આનંદરૂપ, [૩૩૭] દેવકીજીની શુદ્ધિ (વિવાહસંસ્કાર) એ જ જેમના પ્રાકટ્યમાં કારણરૂપ છે એવા. ।।૧૫૦।।

**વસુદેવ-જ્ઞાન-નિષ્ઠ-સમ-જીવ-નિવારકઃ ।**
**સર્વ-વૈરાગ્ય-કરણ-સ્વ-લીલાધાર-શોધકઃ ।।૧૫૧।।**

[૩૩૮]વસુદેવમાં જ્ઞાનરૂપે સ્થિત શ્રીકૃષ્ણના સમાન અન્ય છ જીવો (વસુદેવજીના પહેલા છ પુત્રો)ના જીવપણાના નિવારક, [૩૩૯]વિષયોમાંથી વૈરાગ્ય પેદા કરનાર પોતાની પ્રાકટ્યરૂપ લીલાના આધારભૂત દેવકીજીની શુદ્ધિ (નિર્દોષતારૂપ સંપત્તિ) આણનાર. ।।૧૫૧।।

**માયા-જ્ઞાપન-કર્તા ચ શેષ-સમ્ભાર-સમ્ભૃતિઃ ।**
**ભક્ત-ક્લેશ-પરિજ્ઞાતા તન્નિવારણ-તત્પરઃ ।।૧૫૨।।**

[૩૪૦]યોગમાયાને આજ્ઞા કરનાર, [૩૪૧]બાકી રહેલી સામગ્રીને સંપૂર્ણ કરનાર, [૩૪૨]ભક્તોનાં દુઃખોના સંપૂર્ણ જ્ઞાતા, [૩૪૩]ભક્તજનોના ક્લેશોને દૂર કરવામાં તૈયાર. ।।૧૫૨।।

**આવિષ્ટ-વસુદેવાંશો દેવકી-ગર્ભ-ભૂષણમ્ ।**
**પૂર્ણ-તેજો-મયઃ પૂર્ણઃ કંસાધૃષ્ય-પ્રતાપવાન્ ।।૧૫૩।।**

[૩૪૪]અંશથી વસુદેવજીમાં પ્રવેશેલા, (જેમનો અંશ વસુદેવજીમાં પ્રવેશેલો છે એવા પ્રભુ), [૩૪૫]દેવકીના ગર્ભના અલંકાર (શ્રેષ્ઠ સંતતિ), [૩૪૬]પૂર્ણ તેજસ્વરૂપ, [૩૪૭]અખંડિત ઐશ્વર્યપૂર્ણ, [૩૪૮]કંસથી સહન ન થઈ શકે તેવા પ્રભાવવાળા. ।।૧૫૩।।

**વિવેક-જ્ઞાન-દાતા ચ બ્રહ્માદ્યખિલ-સંસ્તુતઃ ।**
**સત્યો જગત્કલ્પતરુઃ નાના-રૂપ-વિમોહનઃ ।।૧૫૪।।**

[૭૪૯](કંસને) વિવેક અને જ્ઞાન આપનાર, [૭૫૦]બ્રહ્મા આદિ સમગ્ર દેવોથી સ્તુતિ કરાયેલા, [૭૫૧]સત્યસ્વરૂપ, [૭૫૨]જડ-ચેતન જગતના કલ્પતરુ, [૭૫૩]બ્રહ્મા વગેરેને વિવિધ સ્વરૂપોથી મોહ પમાડનાર. ।।૧૫૪।।

**ભક્તિ-માર્ગ-પ્રતિષ્ઠાતા વિદ્વન્-મોહ-પ્રવર્તકઃ ।**
**મૂલ-કાલ-ગુણ-દ્રષ્ટા નયનાનન્દ-ભાજનમ્ ।।૧૫૫।।**

[૭૫૪]ભક્તિમાર્ગની વિશેષ પ્રકારે પ્રતિષ્ઠા કરનાર, [૭૫૫]વિદ્વાનોને પણ મોહ પમાડનાર, ભક્તિ વગરના કેવલ જ્ઞાનનિષ્ઠ વિદ્વાનોને તત્ત્વબોધ નહિ થઈ શકતા તેમને મોહ પમાડનાર, [૭૫૬]આધારભૂત મૂલકાલના ગુણોના દ્રષ્ટા, [૭૫૭]પોતાના પ્રાકટ્યથી વસુદેવજીના અને દર્શન કરનારા સર્વેના નયનોના આનંદ-પ્રદાયક શ્રીકૃષ્ણ. ।।૧૫૫।।

**વસુદેવ-સુખાબ્ધિશ્ચ દેવકી-નયનામૃતમ્ ।**
**પિતૃ-માતૃ-સ્તુતઃ પૂર્વ-સર્વ-વૃત્તાન્ત-બોધકઃ ।।૧૫૬।।**

[૭૫૮]વસુદેવજીના સુખના ભંડાર, [૭૫૯] દેવકીજીનાં નેત્રોના અમૃતસ્વરૂપ પ્રભુ, [૭૬૦]પિતા અને માતાથી જન્મ સમયે સ્તુતિ કરાયેલા, [૭૬૧]પૂર્વજન્મના સંપૂર્ણ વૃત્તાંતના બોધક. ।।૧૫૬।।

**ગોકુલાગતિ-લીલાપ્ત-વસુદેવ-કર-સ્થિતિઃ ।**
**સર્વેશત્વ-પ્રકટનો માયા-વ્યત્યય-કારકઃ ।।૧૫૭।।**

[૭૬૨]ગોકુલમાં પધારવા માટે આપ્તજન વસુદેવજીના હસ્તમાં બિરાજનાર, [૭૬૩]સર્વ પ્રકારના ઐશ્વર્યને પ્રકટ કરનાર, [૭૬૪](યોગ)માયાનું સ્થાન-પરિવર્તન કરનાર. ।।૧૫૭।।



**જ્ઞાન-મોહિત-દુષ્ટેશઃ પ્રપઞ્ચાસ્મૃતિ-કારણમ્ ।**
**યશોદા-નન્દનો નન્દ-ભાગ્ય-ભૂ-ગોકુલોત્સવઃ ।।૧૫૮।।**

[૭૬૫] દેવકીજીનો આઠમો પુત્ર કાલ છે એવા જ્ઞાનથી દુષ્ટ રાજા કંસને મોહ પમાડનાર, [૭૬૬]પ્રપંચની વિસ્મૃતિના કારણરૂપ, [૭૬૭]યશોદાજીને આનંદ આપનાર, [૭૬૮]નંદજીની ભાગ્યભૂમિ ગોકુલમાં ઉત્સવસ્વરૂપ. ।।૧૫૮।।

**નન્દપ્રિયો નન્દસૂનુઃ યશોદાયાઃ સ્તનન્ધયઃ ।**
**પૂતના-સુપયઃ-પાતા મુગ્ધ-ભાવાતિ-સુન્દરઃ ।।૧૫૯।।**

[૭૬૯]નંદરાયજીના પ્રિયપાત્ર પ્રભુ, [૭૭૦]નંદરાયજીના પુત્ર, [૭૭૧]શ્રીયશોદાજીના સ્તનોના ધાવનાર, [૭૭૨]પૂતના રાક્ષસીનાં પ્રાણો અને દૂધના પીનારા, [૭૭૩]મુગ્ધ-બાલ્ય ભાવથી અત્યંત સુન્દર. ।।૧૫૯।।

**સુન્દરી-હૃદયાનન્દો ગોપી-મન્ત્રાભિમન્ત્રિતઃ ।**
**ગોપાલાશ્ચર્યરસકૃત્ શકટાસુર-ખણ્ડનઃ ।।૧૬૦।।**

[૭૭૪]સુંદરીઓના હૃદયને આનંદ આપનારા, [૭૭૫]ગોપિકાઓના મંત્રથી મંત્રાયેલા-રક્ષણ કરાયેલા, [૭૭૬]સર્વ ગોપાલોને માટે આશ્ચર્યજનક રસના જનક, [૭૭૭]ગાડાના રૂપમાં રહેલા માયાવી દૈત્યના ટુકડે ટુકડા કરનાર. ।।૧૬૦।।

**નન્દ-વ્રજ-જનાનન્દી નન્દ-ભાગ્ય-મહોદયઃ ।**
**તૃણાવર્ત-વધોત્સાહો યશોદા-જ્ઞાન-વિગ્રહઃ ।।૧૬૧।।**

[૭૭૮]નંદરાયજી અને વ્રજવાસીઓને આનંદ આપનાર, [૭૭૯]નંદરાયજીના મહાભાગ્યના ઉદયરૂપ, [૭૮૦]'તૃણાવર્ત' દૈત્યના વધમાં ઉત્સાહ રાખનાર, [૭૮૧]યશોદાજીને જ્ઞાન થાય તેવા સ્વરૂપને ધરનાર. ।।૧૬૧।।

**બલભદ્ર-પ્રિયઃ કૃષ્ણઃ સંકર્ષણ-સહાયવાન્ ।**
**રામાનુજો વાસુદેવો ગોષ્ઠાંગણ-ગતિ-પ્રિયઃ ।।૧૬૨।।**

[૭૮૨]બલભદ્રના પ્રિય પાત્ર, [૭૮૩]ભગવાન શ્રીકૃષ્ણ-કૃષ્ણવર્ણવાળા, આકર્ષણ કરનાર, [૭૮૪]સંકર્ષણ બલદેવજીને સહાય આપનાર, [૭૮૫]બલરામના નાના ભાઈ, [૭૮૬]વસુદેવજીના પુત્ર – વાસુદેવ, [૭૮૭]ગૌશાળાના આંગણામાં ઘૂંટણિયે ચાલવાથી વ્રજવાસીઓને પ્રિય લાગનારા. ।।૧૬૨।।

**કિંકિણી-રવ-ભાવજ્ઞો વત્સ-પુચ્છાવલમ્બનઃ ।**
**નવનીત-પ્રિયો ગોપી-મોહ-સંસાર-નાશકઃ ।।૧૬૩।।**

[૭૮૮](બાલ્યાવસ્થામાં પોતાની કેડે બાંધેલ કટિભૂષણની) ઘૂઘરીઓના મધુર ધ્વનિના ભાવના જ્ઞાતા, [૭૮૯]વાછરડાંઓનાં પૂંછડાંને અવલંબીને ચાલનાર, [૭૯૦]માખણ જેમને પ્રિય છે એવા, [૭૯૧]ગોપીજનોને બાલલીલાથી મોહિત કરીને સંસારનો નાશ કરનાર. ।।૧૬૩।।

**ગોપ-બાલક-ભાવ-જ્ઞશ્ચૌર્ય-વિદ્યા-વિશારદઃ ।**
**મૃત્સ્ના-ભક્ષણ-લીલાસ્ય-માહાત્મ્ય-જ્ઞાન-દાયકઃ।।૧૬૪।।**

[૭૯૨]ગોપબાલકોના ભાવને જાણનાર, [૭૯૩]ચોરી કરવાની વિદ્યામાં કુશળ, [૭૯૪]માટી ખાવાની લીલા કરીને મુખમાં સંપૂર્ણ બ્રહ્માંડ બતાવી પોતાનાં માહાત્મ્યનું જ્ઞાન આપનાર. ।।૧૬૪।।



**ધરા-દ્રોણ-પ્રીતિ-કર્તા દધિ-ભાંડ-વિભેદનઃ ।**
**દામોદરો ભક્તવશ્યો યમલાર્જુન-ભઞ્જનઃ ।।૧૬૫।।**

[૭૯૫]ધરા = યશોદા અને દ્રોણ = નંદરાયજી એ બંનેમાં પ્રીતિ પેદા કરનાર, [૭૯૬]દહીંના પાત્રને ફોડનાર, [૭૯૭]ઉદર ઉપર દોરડાંના ચિહ્નવાળા, [૭૯૮]ભક્તાધીન ભગવાન, થાકેલાં ભક્ત માતા યશોદાજીને વશ થનાર, [૭૯૯]યમલ = જોડે જોડે ઉગેલાં બે અર્જુન-આંજણિયાનાં વૃક્ષને ભેદનાર. ।।૧૬૫।।

**બૃહદ્વન-મહાશ્ચર્યો વૃન્દાવન-ગતિ-પ્રિયઃ ।**
**વત્સઘાતી બાલકેલિર્બકાસુર-નિષૂદનઃ ।।૧૬૬।।**

[૮૦૦]મહાવનમાં મોટું આશ્ચર્યજનક કાર્ય કરનારા, [૮૦૧]વૃંદાવનમાં ગમન કરવાનું પ્રિય છે એવા, [૮૦૨]વત્સાસુર દૈત્યના ઘાતક, [૮૦૩](પોતે અલૌકિક હોવા છતાં) લૌકિક બાલકો જેવી ક્રીડા કરનાર, [૮૦૪]બગલાનું રૂપ ધરનાર બકાસુરનો વિનાશ કરનાર. ।।૧૬૬।।

**અરણ્ય-ભોક્તાઽપ્યથવા બાલ-લીલા-પરાયણઃ ।**
**પ્રોત્સાહ-જનકશ્ચૈવમ્ અઘાસુર-નિષૂદનઃ ।।૧૬૭।।**

[૮૦૫]અરણ્યમાં ભોજન કરનારા ( વનમાં ઉજાણી કરનારા), [૮૦૬]બાલકો જેવી લીલા કરવામાં તત્પર, [૮૦૭]રમતમાં સખાઓને ઉત્સાહ પેદા કરનારા, [૮૦૮]અઘાસુરનો વિનાશ કરનારા. ।।૧૬૭।।

**વ્યાલ-મોક્ષ-પ્રદઃ પુષ્ટો બ્રહ્મ-મોહ-પ્રવર્ધનઃ ।**
**અનન્તમૂર્તિઃ સર્વાત્મા જંગમ-સ્થાવરાકૃતિઃ ।।૧૬૮।।**

[૮૦૯]અજગર રૂપ ધારી અઘાસુરને મોક્ષ આપનાર, [૮૧૦]અજગરના મુખમાં વૃદ્ધિ પામનાર, [૮૧૧]બ્રહ્માજીના મોહને વધારનાર, [૮૧૨](વાછરડાં તથા ગોપબાલકોના) અગણિત સ્વરૂપે પ્રકટ થનારા, [૮૧૩]સર્વના અંતર્યામી, [૮૧૪]સ્થાવર-જંગમ સ્વરૂપ જગતના ધારણ કર્તા. ।।૧૬૮।।

**બ્રહ્મ-મોહન-કર્તા ચ સ્તુત્ય આત્મા સદાપ્રિયઃ ।**
**પૌગણ્ડ-લીલાભિરતિર્ગોચારણ-પરાયણઃ ।।૧૬૯।।**

[૮૧૫]બ્રહ્માજીને મોહિત કરનાર, [૮૧૬]બ્રહ્માજી દ્વારા સ્તુતિ કરવા યોગ્ય, [૮૧૭]સર્વના આત્મા રૂપે રહેલા, [૮૧૮]સર્વ કાલમાં સર્વને પ્રિય, [૮૧૯]પૌગંડ વયની લીલાઓ કરવામાં જેમને અતિશય પ્રીતિ છે એવા, [૮૨૦]ગાયોને ચરાવવામાં તત્પર. ।।૧૬૯।।

**વૃન્દાવન-લતા-ગુલ્મ-વૃક્ષ-રૂપ-નિરૂપકઃ ।**
**નાદ-બ્રહ્મ-પ્રકટનો વયઃ-પ્રતિકૃતિ-સ્વનઃ ।।૧૭૦।।**

[૮૨૧]વૃંદાવનની લતાઓ, વેલીઓ, છોડ તેમ જ વૃક્ષોના સ્વરૂપનું નિરૂપણ (વર્ણન) કરનાર, [૮૨૨]નાદબ્રહ્મ (શબ્દબ્રહ્મરૂપ ગાન)ને પ્રકટ કરનાર, [૮૨૩]પક્ષીઓના શબ્દોનું અનુકરણ કરનાર. ।।૧૭૦।।

**બર્હિ-નૃત્યાનુકરણો ગોપાલાનુકૃતિ-સ્વનઃ ।**
**સદાચાર-પ્રતિષ્ઠાતા બલ-શ્રમ-નિરાકૃતિઃ ।।૧૭૧।।**

[૮૨૪]મોરના નૃત્યનું અનુકરણ કરનાર, [૮૨૫]ગોપાલોના શબ્દોનું અનુકરણ કરનાર, [૮૨૬]સદાચારનું પ્રતિષ્ઠાપન કરનાર, [૮૨૭]બલભદ્રજીના થાકને ઉતારનાર. ।।૧૭૧।।



**તરુ-મૂલ-કૃતાશેષ-તલ્પ-શાયી સખિ-સ્તુતઃ ।**
**ગોપાલ-સેવિત-પદઃ શ્રીલાલિત-પદામ્બુજઃ ।।૧૭૨।।**

[૮૨૮]વૃક્ષના મૂલમાં રચેલ પત્ર-પુષ્પની શય્યામાં પોઢનાર, [૮૨૯]સખાઓથી સ્તુતિ કરાયેલા, [૮૩૦]ગોપાલોથી સેવાયેલ ચરણવાળા, [૮૩૧]લક્ષ્મીજીથી સ્નેહપૂર્વક પૂજાયેલ ચરણારવિંદવાળા. ।।૧૭૨।।

**ગોપ-સમ્પ્રાર્થિત-ફલ-દાન-નાશિત-ધેનુકઃ ।**
**કાલીય-ફણિ-માણિક્ય-રઞ્જિત-શ્રીપદામ્બુજઃ ।।૧૭૩।।**

[૮૩૨]ગોપબાલોએ માંગેલા (તાડનાં) ફળોનું તેમને દાન કરવા માટે ધેનુકાસુરનો વિનાશ કરનાર, [૮૩૩]કાલીય નાગના ફણાઓના મણિ-માણેકથી (તેમની દીપ્તિથી) રંગાયેલા ચરણકમળવાળા પ્રભુ. ।।૧૭૩।।

**દૃષ્ટિ-સઞ્જીવિતાશેષ-ગોપ-ગો-ગોપિકા-પ્રિયઃ ।**
**લીલા-સમ્પીત-દાવાગ્નિઃ પ્રલમ્બ-વધ-પંડિતઃ ।।૧૭૪।।**

[૮૩૪]અમૃત ઝરતી દૃષ્ટિથી જિવાડેલ અખિલ ગોપ, ગાય અને ગોપિકાઓના પ્રિય પ્રભુ, [૮૩૫]દાવાનળનું લીલાપૂર્વક, (અનાયાસ) પાન કરનાર, [૮૩૬]પ્રલંબાસુરનો વધ કરવામાં પ્રવીણ. ।।૧૭૪।।

**દાવાગ્ન્યાવૃત-ગોપાલ-દૃષ્ટ્યાચ્છાદન-વહ્નિ-પઃ ।**
**વર્ષા-શરદ્-વિભૂતિ-શ્રીઃ ગોપી-કામ-પ્રબોધકઃ ।।૧૭૫।।**

[૮૩૭]દાવાગ્નિથી વીંટળાયેલા ગોપબાલોને આંખ મીંચાવી દાવાનળનું પાન કરનાર, [૮૩૮]વર્ષા અને શરદ ઋતુઓની વિભૂતિ (તત્કાલીન પ્રાકૃતિક સમૃદ્ધિ)ની શોભામાં કારણરૂપ, [૮૩૯]ગોપીજનોમાં (દિવ્ય પ્રેમરૂપી) કામને જગાડનાર. ।।૧૭૫।।

ગોપી–રત્ન–સ્તુતાશેષ–વેણુ–વાદ્ય–વિશારદઃ ।
કાત્યાયની–વ્રત–વ્યાજ–સર્વ–ભાવાશ્રિતાંગનઃ ।।૧૭૬।।

[૪૦]ગોપીજનરૂપી સ્ત્રીરત્નોએ જેની પુષ્કળ સ્તુતિ કરી હતી એવા સમસ્ત વેણુવાદનમાં નિષ્ણાત, [૪૧]કાત્યાયનીના વ્રતના બહાને કુમારિકાઓએ જેમનામાં સર્વ ભાવે આશ્રય લીધો હતો એવા. ।।૧૭૬।।

સત્સંગતિ–સ્તુતિ–વ્યાજ–સ્તુત–વૃન્દાવનાંઘ્રિપઃ ।
ગોપ–ક્ષુચ્છાન્તિ–સંવ્યાજ–વિપ્ર–ભાર્યા–પ્રસાદ–કૃત્ ।।૧૭૭।।

[૪૨]સત્સંગની પ્રશંસા કરવાના બહાને સમસ્ત વૃંદાવનનાં વૃક્ષોની સ્તુતિ કરનાર, [૪૩]ગોપબાલકોની ભૂખની શાંતિ કરવાના બહાને બ્રાહ્મણભાર્યા (યજ્ઞપત્ની)ઓ ઉપર અનુગ્રહ કરનાર. ।।૧૭૭।।

હેતુ–પ્રાપ્તેન્દ્ર–યાગસ્વ–કાર્ય–ગોસવ–બોધકઃ ।
શૈલ–રૂપ–કૃતાશેષ–રસ–ભોગ–સુખાવહઃ ।।૧૭૮।।

[૪૪]ધર્મ, અર્થ અને કામ રૂપી ત્રિવર્ગની પ્રાપ્તિ માટે ઈન્દ્રયાગ કરવા પ્રાપ્ત કરેલી સામગ્રીથી ગાય–બ્રાહ્મણના યાગના કર્તવ્યના બોધક, [૪૫]શ્રીગોવર્ધનના સ્વરૂપને ધારણ કરી સમગ્ર રસ સામગ્રીનો ભોગ કરીને (નંદ, સુનંદ આદિ ગોપ અનેગોપીજનોને) સુખ આપનાર. ।।૧૭૮।।

લીલા–ગોવર્ધનોદ્ધાર–પાલિત–સ્વ–વ્રજપ્રિયઃ ।
ગોપ–સ્વચ્છન્દ–લીલાર્થ–ગર્ગ–વાક્યાર્થ–બોધકઃ ।।૧૭૯।।

[૪૬]ગોવર્ધન પર્વતને લીલા માત્રમાં ધારણ કરી પોતાના પ્રિય વ્રજ અને નિજ વ્રજવાસી ભકતજનોના પાલનકર્તા પ્રભુ, [૪૭]ગોપબાળકોને મનવાંછિતપણે (નિર્ભયપણે) લીલાઓ કરવા માટે ગર્ગ મુનિનાં વાક્યોના બોધ કરનાર પ્રભુ. ।।૧૭૯।।



ઈન્દ્ર–ધેનુ–સ્તુતિ–પ્રાપ્ત–ગોવિન્દેન્દ્રાભિધાનવાન્ ।
વ્રતાદિ–ધર્મ–સંસક્ત–નન્દ–ક્લેશ–વિનાશકઃ ।।૧૮૦।।

[૪૮]ઈન્દ્ર અને કામધેનુની સ્તુતિથી ‘ગોવિંદ’ નામની સંજ્ઞાને ધારણ કરનાર પ્રભુ, [૪૯]ઉપવાસ આદિ વ્રત ધર્મોમાં લીન નંદરાયજીના કલેશને દૂર કરનાર. ।।૧૮૦।।

નન્દાદિ–ગોપમાત્રેષ્ટ–વૈકુણ્ઠ–ગતિ–દાયકઃ ।
વેણુ–વાદ–સ્મર–ક્ષોભ–મત્ત–ગોપી–વિમુક્તિદઃ ।।૧૮૧।।

[૫૦]નંદરાયજી વગેરે સઘળા ગોપોને ઈષ્ટ વૈકુંઠલોકમાં લઈ જનારા–દર્શન કરાવનારા, [૫૧]વેણુનાદના સ્મરણથી ચિત્તક્ષોભને પામેલી (ઘરમાં રોકાયેલી) ગોપિકાઓને મુક્તિ આપનાર. ।।૧૮૧।।

સર્વ–ભાવ–પ્રાપ્ત–ગોપી–સુખ–સંવર્ધન–ક્ષમઃ ।
ગોપી–ગર્વ–પ્રણાશાર્થ–તિરોધાન–સુખ–પ્રદઃ ।।૧૮૨।।

[૫૨]સર્વાત્મભાવને પ્રાપ્ત થયેલી ગોપિકાઓના રાસસુખ (અગણિત આનંદ)ને વધારવામાં સમર્થ પ્રભુ, [૫૩]ગોપિકાઓના ગર્વને ઉતારવા માટે અંતર્ધાન થઈને અંતઃસુખને આપનાર. ।।૧૮૨।।

કૃષ્ણ–ભાવ–વ્યાપ્ત–વિશ્વ–ગોપી–ભાવિત–વેષધૃક્ ।
રાધા–વિશેષ–સમ્ભોગ–પ્રાપ્ત–દોષ–નિવારકઃ ।।૧૮૩।।

[૫૪]સમસ્ત વિશ્વને શ્રીકૃષ્ણમય ભાવથી દેખતી ગોપિકાઓની ભાવના પ્રમાણે સ્વરૂપ–વેશને ધારણ કરનાર પ્રભુ, [૫૫]શ્રીરાધાજી સાથેના વિશેષ રમણથી તેમનામાં ઉત્પન્ન થયેલ દોષ–ગર્વનું નિવારણ કરનારા. ।।૧૮૩।।

**પરમ-પ્રીતિ-સંગીત-સર્વાદ્ભુત-મહાગુણઃ ।**
**માનાપનોદનાક્રન્દ-ગોપી-દૃષ્ટિ-મહોત્સવઃ ।।૧૮૪।।**

[૮૫૬]અત્યંત પ્રેમથી ઉત્તમ રીતે ગવાયેલ અને સર્વને આશ્ચર્ય પેદા કરનાર અલૌકિક ગુણવાળા પ્રભુ, [૮૫૭]ગર્વ ઉતર્યા બાદ (ભગવદ્વિરહથી) આક્રંદ કરવામાં લીન વ્રજાંગનાઓનાં નેત્રકમલને માટે મહોત્સવરૂપ-પ્રકટ થઈને આનંદ આપનાર પ્રભુ. ।।૧૮૪।।

**ગોપિકા-વ્યાપ્ત-સર્વાંગઃ સ્ત્રી-સમ્ભાષા-વિશારદઃ ।**
**રાસોત્સવ-મહાસૌખ્ય-ગોપી-સમ્ભોગ-સાગરઃ ।।૧૮૫।।**

[૮૫૮]ગોપીજનોમાં જેમનું અંગે-અંગ વ્યાપ્ત છે તેવા પ્રભુ, [૮૫૯]સ્ત્રીજનો સાથે વાર્તાલાપ કરવામાં કુશળ, [૮૬૦]રાસક્રીડા મહાસુખના ગોપિકાઓના સ્વરૂપાનુભવમાં સાગર જેવા પૂર્ણ (પ્રભુ). ।।૧૮૫।।

**જલ-સ્થલ-રતિવ્યાપ્ત-ગોપી-દૃષ્ટ્યભિપૂજિતઃ ।**
**શાસ્ત્રાનપેક્ષ-કામૈક-મુક્તિ-દ્વાર-વિવર્ધનઃ ।।૧૮૬।।**

[૮૬૧]જલ-સ્થલ-ક્રીડાઓથી પરિપૂર્ણ રીતે પ્રસન્ન થયેલા ગોપીજનોના નયનકમલોથી પૂજાતા પ્રભુ, [૮૬૨]શાસ્ત્રની અપેક્ષા વિનાના અલૌકિક કામ (ભક્તિરૂપ પ્રીતિ) રૂપી મુક્તિદ્વારને ખોલનારા (મુક્તિના ઉપાયને વધારનારા). ।।૧૮૬।।

**સુદર્શન-મહાસર્પ-ગ્રસ્ત-નન્દ-વિમોચકઃ ।**
**ગીત-મોહિત-ગોપી-ધૃક્-શંખચૂડ-વિનાશકઃ ।।૧૮૭।।**

[૮૬૩]'વિદ્યાધર સુદર્શન'નામના મહાન અજગરથી ગ્રસ્ત નંદરાયજીને છોડાવનાર, [૮૬૪]પ્રભુની મુરલીના ગાનથી મુગ્ધ થયેલ ગોપીજનોને હરણ કરનાર શંખચૂડનો વધ કરનાર. ।।૧૮૭।।



**ગુણ-સંગીત-સન્તુષ્ટિર્ગોપી-સંસાર-વિસ્મૃતિઃ ।**
**અરિષ્ટ-મથનો દૈત્ય-બુદ્ધિ-વ્યામોહ-કારકઃ ।।૧૮૮।।**

[૮૬૫]ગુણોનું યથાર્થ ગાન કરવાથી સંતુષ્ટ થતા પ્રભુ, [૮૬૬]ગોપીજનોને સંસાર (પ્રપંચ)ની વિસ્મૃતિ કરાવનાર, [૮૬૭]આખલાના રૂપધારી 'અરિષ્ટ' નામના અસુરને મારનાર, [૮૬૮] દૈત્ય-કંસની બુદ્ધિમાં નારદજી દ્વારા વ્યામોહ પેદા કરનાર. ।।૧૮૮।।

**કેશિઘાતી નારદેષ્ટો વ્યોમાસુર-વિનાશકઃ ।**
**અક્રૂર-ભક્તિ-સંરાદ્ધ-પાદ-રેણુ-મહાનિધિઃ ।।૧૮૯।।**

[૮૬૯]ઘોડાના રૂપ ધારી 'કેશી' દૈત્યને મારનાર, [૮૭૦]નારદજીના પ્રિય, [૮૭૧]ગોપનો વેશ લઈને આવેલ મયના પુત્ર 'વ્યોમાસુર'નો વિનાશ કરનાર, [૮૭૨]ભગવદીય અક્રૂરજીએ પૂર્ણ ભક્તિથી જેમની ચરણરજ રૂપી મહાનિધિનું આરાધન કરેલું છે તેવા શ્રીકૃષ્ણ. ।।૧૮૯।।

**રથાવરોહ-શુદ્ધાત્મા ગોપી-માનસ-હારકઃ ।**
**હ્રદ-સન્દર્શિતાશેષ-વૈકુણ્ઠાક્રૂર-સંસ્તુતઃ ।।૧૯૦।।**

[૮૭૩](ગોપીઓથી વિદાય લેતી વખતે) રથમાં બિરાજતી વેળાએ નિર્વિકાર સ્વરૂપવાળા (ધૈર્યધારી), [૮૭૪]ગોપીજનોના મનને હરનાર, [૮૭૫]પાણીના ધરામાં સંપૂર્ણ વૈકુંઠના દર્શનને પામેલ અક્રૂરજીથી સારી રીતે સ્તુતિ કરાયેલા પ્રભુ. ।।૧૯૦।।

**મથુરા-ગમનોત્સાહો મથુરા-ભાગ્ય-ભાજનમ્ ।**
**મથુરા-નગરી-શોભા-દર્શનોત્સુક-માનસઃ ।।૧૯૧।।**

[૮૭૬]મથુરા જવા માટે ઉત્સાહવાળા, [૮૭૭]મથુરા નગરીના સદ્ભાગ્યના સ્થાનરૂપ, [૮૭૮]મથુરા નગરીની શોભાને નિહાળવામાં ઉત્સુક મનવાળા. ।।૧૯૧।।

**દુષ્ટ-રજ્જક-ઘાતી ચ વાયકાર્ચિત-વિગ્રહઃ ।।**
**વસ્ત્ર-માલા-સુશોભાંગઃ કુબ્જા-લેપન-ભૂષિતઃ ।।૧૯૨।।**

[૮૭૯]દુષ્ટ કંસના રંજક (ધોબી)ના વિનાશક, [૮૮૦]વાયક-દરજી વડે વસ્ત્રોથી શણગારેલ દેહવાળા, [૮૮૧]વસ્ત્ર તેમ જ (સુદામા માળીએ અર્પણ કરેલા ફૂલની) માળાઓથી સુશોભિત અંગોવાળા, [૮૮૨]કુબ્જાએ અર્પણ કરેલા ચંદન આદિના લેપનથી ભૂષિત. ।।૧૯૨।।

**કુબ્જા-સુરૂપ-કર્તા ચ કુબ્જા-રતિ-વર-પ્રદઃ ।**
**પ્રસાદરૂપ-સન્તુષ્ટ-હર-કોદણ્ડ-ખણ્ડનઃ ।।૧૯૩।।**

[૮૮૩]ત્રણે અંગે વાંકી થઈ ગયેલી કૂબડી-કદરૂપી કુબ્જાને સુંદર રૂપવાળી કરનાર, [૮૮૪]કુબ્જાને રમણ કરવાનું વરદાન આપનાર, [૮૮૫]પ્રસાદ રૂપે કંસને પ્રાપ્ત થયેલ શિવ-ધનુષને ભાંગનાર. ।।૧૯૩।।

**શકલાહત-કંસાપ્ત-ધનૂ-રક્ષક-સૈનિકઃ ।**
**જાગ્રત્-સ્વપ્ન-ભયવ્યાપ્ત-મૃત્યુલક્ષણ-બોધકઃ ।।૧૯૪।।**

[૮૮૬]ધનુષના ટુકડાથી, કંસને મળેલા શિવ-ધનુષનું રક્ષણ કરનારા સૈનિકોનો વિનાશ કરનારા, [૮૮૭]જાગ્રત્, સ્વપ્ન તથા નિદ્રા અવસ્થાઓમાં ભયભીત થયેલ કંસને મૃત્યુનાં લક્ષણો દેખાડનાર. ।।૧૯૪।।

**મથુરામલ્લ ઓજસ્વી મલ્લ-યુદ્ધ-વિશારદઃ ।**
**સદ્યઃ કુવલયાપીડ-ઘાતી ચાણૂર-મર્દનઃ ।।૧૯૫।।**

[૮૮૮]મથુરામાં સ્વચ્છંદપણે વિચરતા મલ્લરૂપ શ્રીકૃષ્ણ, [૮૮૯]ઓજસ્વી, ઉત્સાહમૂર્તિ, [૮૯૦]મલ્લોની સાથે યુદ્ધ કરવામાં ચતુર, [૮૯૧]રંગભૂમિમાં પ્રવેશ કરતાની સાથે જ 'કુવલયાપીડ'નામના અતિ બળવાન અને મદોન્મત્ત હાથીનો ઘાત કરનાર, [૮૯૨]ચાણૂર નામના અત્યંત બળવાન મલ્લનું મર્દન કરનાર ।।૧૯૫।।



**લીલા-હત-મહામલ્લઃ શલ-તોશલ-ઘાતકઃ ।**
**કંસાન્તકો જિતામિત્રો વસુદેવ-વિમોચકઃ ।।૧૯૬।।**

[૮૯૩]વગર શ્રમે - રમતમાં જ મહાબળવાન (મુષ્ટિક જેવા) મલ્લોને મારનાર, [૮૯૪]શલ અને તોશલ નામના મલ્લોનો નાશ કરનાર, [૮૯૫]કંસ રાજાનો વિનાશ કરનાર, [૮૯૬]સર્વ શત્રુઓને જીતી લેનાર, [૮૯૭]વસુદેવજી-દેવકીજીને બંધનમાંથી મુકત કરનાર શ્રીકૃષ્ણ ભગવાન. ।।૧૯૬।।

**જ્ઞાત-તત્ત્વ-પિતૃજ્ઞાન-મોહનામૃત-વાઙ્મયઃ ।**
**ઉગ્રસેન-પ્રતિષ્ઠાતા યાદવાધિ-વિનાશકઃ ।।૧૯૭।।**

[૮૯૮]ભગવત્સ્વરૂપ તત્ત્વને જાણી ગયેલ માતા-પિતાના જ્ઞાનને મોહ પમાડતી અમૃતમયી મીઠી વાણીવાળા, [૮૯૯]ઉગ્રસેનને રાજ્યાસન ઉપર સ્થાપનાર, [૯૦૦]યાદવોની પીડાને હણનાર. ।।૧૯૭।।

**નન્દાદિ-સાન્ત્વન-કરો બ્રહ્મચર્યવ્રતે સ્થિતઃ ।**
**ગુરુ-શુશ્રૂષણ-પરો વિદ્યા-પારમિતેશ્વરઃ ।।૧૯૮।।**

[૯૦૧]નંદરાયજી વગેરે ગોપજનોને સાંત્વન આપનાર, [૯૦૨]ગુરુજી સાંદીપનિને ત્યાં જનોઈ ધારણ કરી બ્રહ્મચારીના વ્રતમાં રહેનાર, [૯૦૩]સાંદીપનિ ગુરુની સેવા કરવામાં પરાયણ પ્રભુ, [૯૦૪]સર્વ વિદ્યાઓના પારને પામેલા-પારંગત સર્વેશ્વર પ્રભુ. ।।૧૯૮।।

**સાન્દીપનિ-મૃતાપત્ય-દાતા કાલાન્તકાદિ-જિત્ ।**
**ગોકુલાશ્વાસન-પરો યશોદા-નન્દ-પોષકઃ ।૧૯૯।।**

[૯૦૫]સાંદીપનિ મુનિના મરેલા બાળકને સજીવન કરી આપનાર, [૯૦૬]મૃત્યુ અને યમરાજ વગેરેને જીતનાર, [૯૦૭]ગોકુલવાસીઓને ઉદ્ધવજી દ્વારા આશ્વાસન આપવામાં તત્પર, [૯૦૮]ઉદ્ધવજી દ્વારા સંદેશાથી યશોદાજી તથા નંદરાયજીને પોષનાર (પ્રાણપોષક) પ્રભુ . ।।૧૯૯।।

**ગોપિકા-વિરહ-વ્યાજ-મનો-ગતિ-રતિ-પ્રદઃ ।**
**સમોદ્ધવ-ભ્રમરવાક્ ગોપિકા-મોહ-નાશકઃ ।।૨૦૦।।**

[૯૦૯]વિયોગના બહાનાથી ગોપિકાઓના મનમંદિર માં બિરાજી તેમને સ્થિર પ્રીતિનું પ્રદાન કરનાર, [૯૧૦]પોતાના સમાન ઉદ્ધવજીની રૂબરૂમાં પણ ગોપીજનો પ્રત્યે ભ્રમર સમાન વાણીવાળા, ગોપીજનો દ્વારા ભ્રમરગીત કહેનારા, [૯૧૧]ગોપિકાઓના મનના મોહને દૂર કરનારા. ।।૨૦૦।।

**કુબ્જા-રતિ-પ્રદોઽક્રૂર-પવિત્રીકૃત-ભૂ-ગૃહઃ ।**
**પૃથા-દુઃખ-પ્રણેતા ચ પાણ્ડવાનાં સુખપ્રદઃ ।।૨૦૧।।**

[૯૧૨]કુબ્જાને રતિ - સ્થિર પ્રીતિનું દાન કરનારા, [૯૧૩]ભગવદીય અક્રૂરજીના ગૃહ, ભૂમિ આદિને પવિત્ર કરનારા, [૯૧૪]અક્રૂરજી દ્વારા સંદેશાથી પૃથા એટલે કુંતાજીના દુઃખને દૂર કરનારા, [૯૧૫]સંદેશાથી પાંડવોને સુખ આપનારા. ।।૨૦૧।।

# દશમસ્કન્ધોત્તરાર્ધનામાનિ
## નિરોધ લીલા

**જરાસન્ધ-સમાનીત-સૈન્ય-ઘાતી વિચારકઃ ।**
**યવન-વ્યાપ્ત-મથુરા-જન-દત્ત-કુશસ્થલિઃ ।।૨૦૨।।**

[૯૧૬]સત્તર વખત જરાસંધનાં ૨૩ અક્ષૌહિણી સૈન્યનો નાશ કરનાર, [૯૧૭](અઢારમી વાર શત્રુ-સૈન્ય આવતાં પહેલાં બલરામજી સાથે) વિચાર-વિમર્શ કરનાર, [૯૧૮]કાલયવનથી ઘેરાયેલા મથુરાવાસીઓને કુશસ્થલી (દ્વારકા)નું દાન કરનાર. ।।૨૦૨।।



**દ્વારકાદ્ભુત-નિર્માણ-વિસ્માપિત-સુરાસુરઃ ।**
**મનુષ્ય-માત્ર-ભોગાર્થ-ભૂમ્યાનીતેન્દ્ર-વૈભવઃ ।।૨૦૩।।**

[૯૧૯]દ્વારકા નગરીની અદ્ભુત રચનાથી દેવ અને દૈત્યોને વિસ્મિત કરનાર, [૯૨૦]સર્વ મનુષ્ય માત્રના ઉપભોગ માટે ભૂમિ ઉપર (દ્વારકામાં) ઈન્દ્રના વૈભવને લાવનાર શ્રીકૃષ્ણ. ।।૨૦૩।।

**યવન-વ્યાપ્ત-મથુરા-નિર્ગમાનન્દ-વિગ્રહઃ ।**
**મુચુકુન્દ-મહાબોધ-યવન-પ્રાણ-દર્પ-હા ।।૨૦૪।।**

[૯૨૧]કાલયવને ઘેરેલી મથુરા નગરીમાંથી આયુધ વગર સચ્ચિદાનંદમય દેહસ્વરૂપે બહાર નીકળી જનારા, [૯૨૨]દીર્ઘ કાળની નિદ્રામાંથી મુચુકુંદની જાગૃતિ દ્વારા કાલયવનના પ્રાણ અને જરાસંધ આદિના ગર્વને હરનાર. ।।૨૦૪।।

**મુચુકુન્દ - સ્તુતાશેષ - ગુણ - કર્મ - મહોદયઃ ।**
**ફલ-પ્રદાન-સન્તુષ્ટિર્જન્માન્તરિત-મોક્ષ-દઃ ।।૨૦૫।।**

[૯૨૩]ભક્તરાજ મુચુકુંદથી સ્તુતિ કરાયેલ સંપૂર્ણ ગુણ-કર્મ-ઐશ્વર્યના મહોદય (આધિક્ય)વાળા, [૯૨૪]ભક્તિરૂપી ફળનું દાન કરી સંતોષનાર, [૯૨૫]બીજા જન્મે મોક્ષ આપનાર. ।।૨૦૫।।

**શિવ-બ્રાહ્મણ-વાક્યાપ્ત-જય-ભીતિ-વિભાવનઃ ।**
**પ્રવર્ષણ-પ્રાર્થિતાગ્નિ-દાન-પુણ્ય-મહોત્સવઃ ।।૨૦૬।।**

[૯૨૬]શિવજી અને બ્રાહ્મણોનાં વાકયોથી અઢારમી વાર આવેલ જરાસંધના વિજય માટે પોતાનામાં ભયની ભાવના દેખાડનાર, [૯૨૭]પ્રવર્ષણ પર્વતની પ્રાર્થનાથી અગ્નિદાનરૂપી પુણ્યનો મહોત્સવ કરનારા અને જરાસંધને મિથ્યા મહોત્સવ પેદા કરાવનારા. ।।૨૦૬।।

**રુક્મિણી-રમણઃ કામ-પિતા પ્રદ્યુમ્ન-ભાવનઃ ।**
**સ્યમન્તક-મણિ-વ્યાજ-પ્રાપ્ત-જામ્બવતી-પતિઃ ।।૨૦૭।।**

[૯૨૮]રુક્મિણીજીના રમણ (આનંદ આપનાર), [૯૨૯](મહાદેવજીના ક્રોધમાં બળી ગયેલા (વાસુદેવાંશ) કામદેવના પિતા, [૯૩૦]'પ્રદ્યુમ્ન નામે મોટા પુત્રને પ્રકટ કરનાર, [૯૩૧]સ્યમંતક મણિ લાવવાના બહાનાથી પ્રાપ્ત થયેલ શ્રીજાંબવતીના સ્વામી. ।।૨૦૭।।

**સત્યભામા-પ્રાણપતિઃ કાલિન્દી-રતિ-વર્ધનઃ ।**
**મિત્રવિન્દા-પતિઃ સત્યા-પતિર્વૃષ-નિષૂદનઃ ।।૨૦૮।।**

[૯૩૨]શ્રીસત્યભામાના પ્રાણનાથ, [૯૩૩]શ્રીકાલિંદીમાં સ્થિર પ્રીતિ પેદા કરનાર, [૯૩૪]શ્રીમિત્રવિંદાના સ્વામી, [૯૩૫]નગ્નજિત રાજાનાં પુત્રી શ્રીસત્યાના સ્વામી, [૯૩૬]વૃષ-(સાત) સાંઢને હણનાર. ।।૨૦૮।।

**ભદ્રા-વાઞ્છિત-ભર્તા ચ લક્ષ્મણા-વરણ-ક્ષમઃ ।**
**ઈન્દ્રાદિ-પ્રાર્થિત-વધ-નરકાસુર-સૂદનઃ ।।૨૦૯।।**

[૯૩૭]શ્રુતકીર્તિનાં પુત્રી શ્રીભદ્રાના મનોવાંછિત પતિ, [૯૩૮]શ્રીલક્ષ્મણાને વરવામાં સમર્થ, [૯૩૯]ઈન્દ્ર આદિ દેવોએ પ્રાર્થના કર્યા પ્રમાણે નરકાસુર દૈત્યનો વધ કરનાર. ।।૨૦૯।।

**મુરારિઃ પીઠહન્તા ચ તામ્રાદિ-પ્રાણ-હારકઃ ।**
**ષોડશ-સ્ત્રી-સહસ્રેશઃ છત્ર-કુંડલ-દાનકૃત્ ।।૨૧૦।।**

[૯૪૦]મુર દૈત્યના શત્રુ-વધ કરનારા, [૯૪૧]નરકાસુરના સેનાપતિ 'પીઠ'નામના અસુરને હણનાર, [૯૪૨]મુર દાનવના તામ્ર વગેરે પુત્રોના પ્રાણ હરનાર, [૯૪૩]નરકાસુરની કેદમાંથી છોડાવેલ સોળ હજાર સ્ત્રીઓના સ્વામી, [૯૪૪]ઈન્દ્રને છત્ર અને અદિતિને કુંડલનું દાન કરનાર. ।।૨૧૦।।



**પારિજાતાપહરણો દેવેન્દ્ર - મદ - નાશકઃ ।**
**રુક્મિણી-સમ-સર્વ-સ્ત્રી-સાધ્ય-ભોગ-રતિપ્રદઃ ।।૨૧૧।।**

[૯૪૫]સ્વર્ગમાંથી પારિજાતક વૃક્ષનું હરણ કરનાર, [૯૪૬]દેવોના રાજા ઈન્દ્રના મદને ઉતારનાર, [૯૪૭]રુક્મિણી સમાન સર્વ સ્ત્રીઓથી પ્રાપ્ત થનાર ભોગથી સર્વમાં પ્રીતિને આપનાર પ્રભુ. ।।૨૧૧।।

**રુક્મિણી-પરિહાસોક્તિ-વાક્તિરોધાન-કારકઃ ।**
**પુત્ર-પૌત્ર-મહાભાગ્ય-ગૃહ-ધર્મ-પ્રવર્તકઃ ।।૨૧૨।।**

[૯૪૮]શ્રીરુક્મિણીજી સાથે હાસ્ય-વિનોદમાં એમની વાણીને રોકી દેનાર, [૯૪૯]પુત્ર-પૌત્રની સંતતિ સંબંધી મહાભાગ્યસ્વરૂપ ગૃહસ્થધર્મ દર્શાવિનારા. ।।૨૧૨।।

**શમ્બરાન્તક-સત્પુત્ર-વિવાહ-હત-રુક્મિકઃ ।**
**ઉષાપહૃત-પૌત્ર-શ્રીર્બાણ-બાહુ-નિવારકઃ ।।૨૧૩।।**

[૯૫૦]શંબરાસુરનો નાશ કરનારા શ્રીપ્રદ્યુમ્નજીના સુપુત્ર અનિરુદ્ધના વિવાહમાં રુક્મિણીજીના ભાઈ રુક્મિકને બલદેવજી દ્વારા હણનાર, [૯૫૧]ઉષા માટે હરાયેલા પૌત્ર (અનિરુદ્ધ)ની સંપત્તિ જે પ્રભુથી છે તેવા, [૯૫૨]બાણાસુરના બાહુઓને છેદનાર. ।।૨૧૩।।

**શીત-જ્વર-ભય-વ્યાપ્ત-જ્વર-સંસ્તુત-ષડ્ગુણઃ ।**
**શંકર-પ્રતિયોદ્ધા ચ દ્વન્દ્વ-યુદ્ધ-વિશારદઃ ।।૨૧૪।।**

[૯૫૩]શીતજ્વરના ભયથી વ્યાપ્ત થયેલ એવા ઉષ્ણજ્વરથી સ્તુતિ કરાયેલ છ ગુણોવાળા, [૯૫૪]શ્રીશંકર સાથે યુદ્ધ કરનારા, [૯૫૫]દ્વંદ્વ યુદ્ધમાં અત્યંત હોશિયાર. ।।૨૧૪।।

**નૃગ-પાપ-પ્રભેત્તા ચ બ્રહ્મસ્વ-ગુણ-દોષ-દૃક્ ।**
**વિષ્ણુ-ભક્તિ-વિરોધૈક-બ્રહ્મસ્વ-વિનિવારકઃ ।।૨૧૫।।**

[૯૫૬](બ્રાહ્મણના દ્રવ્યથી કાચિંડા રૂપ થયેલા ઈક્ષ્વાકુ રાજાના પુત્ર) નૃગ રાજાના પાપને દૂર કરનાર, [૯૫૭]બ્રહ્મસ્વ એટલે બ્રાહ્મણના દ્રવ્યના ગુણદોષના જોનાર, [૯૫૮]શ્રીકૃષ્ણની ભક્તિમાં પ્રતિબંધક એવા બ્રહ્મસ્વના વિશેષ નિવારક. ।।૨૧૫।।

**બલ-ભદ્રાહિત-ગુણો ગોકુલ-પ્રીતિ-દાયકઃ ।**
**ગોપી-સ્નેહૈક-નિલયો ગોપી-પ્રાણ-સ્થિતિ-પ્રદઃ ।।૨૧૬।।**

[૯૫૯]બલભદ્રજીમાં આનંદ આપનારા ગુણોને સ્થાપનાર, [૯૬૦]ગોકુલવાસીઓને પ્રીતિ આનંદ-હર્ષનું દાન કરનાર, [૯૬૧]ગોપીજનોના સ્નેહના એકમાત્ર આધાર, [૯૬૨]ગોપીજનોના પ્રાણોને ટકાવી રાખનાર. ।।૨૧૬।।

**વાક્યાતિગામિ-યમુના-હલાકર્ષણ-વૈભવઃ ।**
**પૌંડ્રક-ત્યાજિત-સ્પર્ધઃ કાશી-રાજ-વિભેદનઃ ।।૨૧૭।।**

[૯૬૩](બલભદ્રજીનાં) વાક્યોનું ઉલ્લંઘન કરતાં યમુનાજીને હલથી ખેંચવામાં જેમનું સામર્થ્ય છે એવાં, [૯૬૪]વાસુદેવનો વેશ ધરનાર પૌંડ્રક રાજાની સ્પર્ધાને છોડાવનાર, [૯૬૫](પૌંડ્રકના મિત્ર) કાશીરાજનો નાશ કરનાર. ।।૨૧૭।।

**કાશી-નિદાહ-કરણઃ શિવ-ભસ્મ-પ્રદાયકઃ ।**
**દ્વિવિદ-પ્રાણ-ઘાતી ચ કૌરવાખર્વ-ગર્વ-નુત્ ।।૨૧૮।।**

[૯૬૬]સુદર્શનચક્ર દ્વારા કાશીને બાળનાર, [૯૬૭]શિવજીને અંગ શોભા માટે ભસ્મ આપનાર, [૯૬૮]'નરકાસુરના મિત્ર 'દ્વિવિદ' નામના વાનરનો પ્રાણ હરનાર, [૯૬૯]દુર્યોધન વગેરે કૌરવોના અતિશય ગર્વને ઉતારનાર. ।।૨૧૮।।



**લાંગલાકૃષ્ટ-નગરી-સંવિગ્નાખિલ-નાગરઃ ।**
